
# આધ્યાત્મિક કેડી

તંત્રી : સમ્પાદક : કૈલાસબહેન એન. પરીખ



પરમ તેજદાત્રી મા ગાયત્રી

વર્ષ ૨ ] જાન્યુઆરી ૧૯૮૩ [ અંક ૧

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ — ૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાત, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

સરનામું :
કે. એન. પરીખ
મેટ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ-૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૬૭૯૯૭

□

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૨ • જાન્યુઆરી : ૧૯૮૩ • અંક ૧

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. | સત્સંગ ... ... | ૩ |
| ૨. | હું જીવનમાંથી શું શીખ્યો ? ... ... | ૮ |
| ૩. | જીવનનું અન્તિમ ધ્યેય – પરમ સત્ય તો પરમાત્માને પામવાનું છે. ... ... | ૧૪ |
| ૪. | જ્ઞાનગોષ્ઠિ ... ... | ૧૮ |
| ૫. | પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... ... ... | ૨૧ |
| ૬. | આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના ભીતરમાં ... ... | ૨૪ |
| ૭. | ઉપાસના મનુષ્યજીવનની મુખ્ય જરૂરિયાત છે. ... ... | ૨૬ |
| ૮. | જેને શરણે જઈએ છીએ, તે ઉગારશે જ, એ નિશ્ચિત્ છે ! ... ... | ૨૮ |
| ૯. | કાવ્યપ્રસાદ ... ... | ૩૦ |
| ૧૦. | સમાચાર ... ... | ૩૨ |

**વિજ્ઞપ્તિ : લવાજમ રીન્યુઅનલ**

૧૯૮૩ ના વર્ષનું લવાજમ આપ રીન્યુ કરાવી લેશો. —તંત્રી

**વાર્ષિક લવાજમ : રૂ. ૧૦**

આ ત્રૈમાસિક અંક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબર માસમાં પ્રગટ થશે.

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મેટ્રન ક્વાર્ટર્સ, ન્યુ સીવીલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

# સત્સંગ

નરેન્દ્રભાઈ બી. દવે ( પૂ. શાસ્ત્રીજી )

માનવજીવનનાં ધારક, પ્રેરક અને ગતિદાયક અનેક પરિબળો છે, તેમાંનું સત્સંગ એક આગવું અને મહત્ત્વપૂર્ણ પરિબળ ગણાય. ભૌતિકજીવનના વ્યવહારોમાં કે આધ્યાત્મિક કેડીએ પ્રયાણ કરવા ઇચ્છતા કે પરમાત્માની શોધમાં વિહરતા સંતપ્ત કે મુમુક્ષુ મનુષ્યો કે સાધકોને માટે સત્સંગ એક ચોક્કસ દિશા સૂઝાડનારું તેમ જ માનસિક શાંતિ આપનાર એક પવિત્ર, સાત્ત્વિક માધ્યમ ને સરળ ઉપાય છે.

ત્યારે સહજભાવે જ કોઈપણ મનુષ્ય કે ઉપાસકને પ્રશ્ન થાય કે સત્સંગ એટલે શું ?

સત્સંગનો શબ્દાર્થ જોઈએ તો સત્ એટલે સારું કે સાચું અને સંગ એટલે સાથમાં રહેવું તે. સત્સંગ એટલે જે સારું ને સાચું છે તેના સાથમાં – તેના સાન્નિધ્યમાં રહેવું તે અથવા તેનું આચરણ કરવું તે.

માનવીના જીવનમાં સગાં-સ્નેહીઓ-મિત્રો વગેરેમાંથી કોઈક એકાદ જણ એવું હોય છે, જે પરસ્પરની અત્યંત નિકટ હોય છે. જીવનની ગમે તે પળોમાં તે તેની પડખે રહીને ધારક, પ્રેરક ને માર્ગદર્શક બની રહે છે. એ જ રીતે સત્સંગ પણ માનવીના જીવનમાં નિકટવર્તી પરિબળ બની રહે છે.

પણ આ સત્સંગ માનવજીવનને ભૌતિકતાથી ઉપર ઉઠાવીને ઊંચે લઈ જાય છે. માનવીના સમસ્ત આંતરિક અસ્તિત્વને સમૃદ્ધ બનાવે છે, એની શક્તિઓને વધુ તીવ્ર અને કુશાગ્ર બનાવે છે. એટલે સત્સંગ ભૌતિકતાની સપાટી પર ન વિહરતાં આધ્યાત્મિક કોટિએ વિહરતું, પરમતત્ત્વનું દિશાસૂચન કરતું એક આધ્યાત્મિક પરિબળ છે.

કારણ કે સંસારજીવનની પળોજણોમાં–મોહમાયાની જાળમાં સતત રચ્યોપચ્યો રહેનાર માનવી ઈશ્વરને ભૂલી જાય છે. સ્વકર્તવ્યનું વિસ્મરણ થાય છે. સત્સંગ દ્વારા સાંસારિક પળોજણોમાંથી–મોહમાયામાંથી થોડે-ઘણે અંશે મુક્ત થવાય છે–વેગળા થવાય છે. ઈશ્વરને ન ભૂલતાં તેના સ્મરણમાં રહી શકાય છે. સ્વકર્તવ્યનું ભાન થાય છે.

એ કઈ રીતે થાય તે આપણે આગળ જોઈશું.

પણ બીજો પ્રશ્ન એ થાય કે સત્સંગ કઈ રીતે થાય ? માણસે સત્સંગ કરવો હોય તો શું કરવું ? સત્સંગ અનેક પ્રકારે થઈ શકે છે, પણ તમને શેમાં રુચિ છે. રસ છે–તેના પર એનો વધારે આધાર રહે છે. આધ્યાત્મિક પુસ્તકોના વાચન દ્વારા, કથા-શ્રવણ દ્વારા, આધ્યાત્મિક પ્રવચનોનાં શ્રવણથી,

સન્તોના જીવનચરિત્રો વાંચવાથી, આધ્યાત્મિક અભિગમ અપનાવીને જીવન વીતાવતા માનવીઓના સમ્પર્કમાં રહીને, એમની સાથે વિચારોની આપ-લે કરીને સત્સંગ કરી શકાય છે. પરન્તુ સૌથી મોટો અને અત્યંત શ્રેયસ્કર અને પ્રાસાદિક શૈલી એટલે કે સત્યનારાયણ ભગવાનની કથાના પ્રસાદ જેવો સરળ અને સીધો ગળે ઊતરી જાય તેવો સત્સંગ સંતનો–ગુરુનો છે.

કથા–પ્રવચનોના શ્રવણથી, આધ્યાત્મિક પુસ્તકોના વાચનથી માનવહૃદયમાંની સુષુપ્ત શ્રદ્ધા ઝંકૃત થઈ ઊઠે છે અને ઝંકૃત થયેલી શ્રદ્ધાનો પ્રવાહ વેગવંતો બને છે. સળગતા દેવતા પર રાખ વળી જતાં દેવતા સંકોરતાં જેમ દેવતા પ્રજ્વલિત થઈ ઊઠે તેમ કથા–પ્રવચનોના શ્રવણથી કે આધ્યાત્મિક વાચનથી માનવીની શ્રદ્ધા પ્રજ્વલિત થઈ ઊઠે છે. સત્સંગ ભૌતિક જીવનના વ્યવહારોમાં ઉપસ્થિત થતી ગૂંચોનો ઉકેલ દર્શાવે છે, પ્રેરણા આપે છે, તો આધ્યાત્મિક જીવનમાં–ઈશ્વરોપાસનામાં ઉદ્ભવતી મૂંઝવણો, શંકાઓ, તર્કવિતર્કોનું નિરાકરણ કરી ચોક્કસ દિશાનું સૂચન કરે છે. આપણા રામાયણ-મહાભારતના ગ્રંથોમાં આલેખાયેલી ઘટનાઓ–પાત્રો આપણા જ સમાજનું પ્રતિબિંબ પાડે છે અને તેથી એ વાંચનારને, એનું મનન–ચિન્તન કરનારને એમાંથી પોતાના ભૌતિક જીવનમાં મૂંઝવતા પ્રશ્નોના પ્રત્યુત્તરો મળી રહે છે, ભાગવતની કથા–વાર્તાઓ કે શ્રીમદ્ ભગવદ્ગીતા પણ એ જ રીતે માનવીને ભૌતિક તેમ જ આધ્યાત્મિક બળ પૂરું પાડે છે.

આધ્યાત્મિકતા–ઈશ્વરભક્તિ-ધર્મ વિશે આપણા ખ્યાલો એટલા રૂઢિગત, જડ ને પરંપરાવાદી બની ગયા છે કે એને વિશે સત્ય હકીકત પ્રગટ કરવાનો, એનો સાચો પ્રકાશ પાડવાનો સમય પાકી ગયો છે. એ સત્ય હકીકત, એ સાચો પ્રકાશ, આપણને આવાં અનેક આધ્યાત્મિક પ્રવચનો–કથા શ્રવણથી પ્રાપ્ત થઈ રહે છે. કારણ કે ઈશ્વરભક્તિ કરતા કે કરવા ઇચ્છતા ઉપાસકોને ભક્તિ વિશે ચોક્કસ ખ્યાલ જ હોતો નથી. આપણે ત્યાં ઈશ્વરની ભક્તિ – માનવીનો ધર્મ એટલે વિવિધ પ્રકારનાં વિધિવિધાનો — આમ થાય, તેમ ન થાય, પરમાત્માની ભક્તિ એટલે શું ? તે કેવી રીતે થાય, તો તેના જવાબમાં, તેના આચરણમાં કેવળ વિધિવિધાન, સ્નાન, આભડછેટ, ટીલાંટપકાં, ભસ્મલેપન અને આમ જ થાય, ને તેમ જ થાયની માન્યતાઓ, એવા સર્વ ઉપાસકોને આવા આપણા આધ્યાત્મિક પ્રાચીન ગ્રંથો સત્ય હકીકતનું નિદર્શન કરે છે. નરસિંહ–મીરાંનાં જીવન કેવળ નામસ્મરણ, કેવળ પ્રભુ પ્રત્યેના પ્રેમનું નિદર્શન કરે છે. રામાયણ દ્વારા કેવળ રામનામના જપનો નિર્દેશ મળે છે. રામને હૃદયમાં બિરાજનાર હનુમાનજીની રામભક્તિ સુવિદિત છે. તેમનું ધ્યેય કેવળ રામની સેવા અને ભક્તિ હતાં. શ્રીમદ્ ભગવદ્ગીતા કેવળ શ્રદ્ધા અને શરણાગતિનો સ્પષ્ટ આદેશ આપે છે. શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે, 'તું મારામાં મનવાળો થા, મારામાં શ્રદ્ધા રાખ. હું તને સર્વ પાપોથી છોડાવીશ. તું જે રૂપે મને ભજશે. તે રૂપે હું તને આવી મળીશ.' નરસિંહ ને મીરાંની વાતોમાંથી કેવળ નામ–સ્મરણનો પ્રબળ ને પ્રખર સૂર વહી આવે છે. એમણે બન્નેએ કેવળ નામ–સ્મરણ દ્વારા જ આત્મસાક્ષાત્કાર, પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો હતો. તેમણે કોઈ વિધિવિધાન નહોતાં કર્યાં. બસ, કેવળ નામ–સ્મરણ, કેવળ પ્રભુભજન.

અને એટલું યાદ રાખજો કે પરમાત્માની ભક્તિ કરનારનું ક્યારેય કોઈપણ પ્રકારે અનિષ્ટ–અહિત થતું જ નથી. પરમાત્મા ખૂબ દયાળુ છે. એ તો દીનબન્ધુ, દીનાનાથ, દયાનો સાગર કહેવાય છે. સાગરની સીમા કેટલી વિસ્તૃત હોય એ તો આપણે સૌ જાણીએ છીએ ને તેમાં પણ વળી આ તો પરમાત્માની દયાનો–કૃપાનો સાગર. એને શરણે જનારનું રક્ષણ કરવાની જવાબદારી એની–પરમાત્માની છે. એની એ ફરજ છે. ને શરણાગતિ ભાવે, બાળ ભાવે એની ભક્તિ–ઉપાસના થાય તો કદી ભક્તનું અનિષ્ટ

થતું જ નથી. બાળકની કાલીઘેલી, ભાંગી-તૂટી ભાષા, એના ઈશારા, એની ચિચિયારીઓનો ભાવ આપણે સુપેરે સમજી શકીએ છીએ. પરમાત્મા પણ પોતાના બાળકની કાલીઘેલી ભાષા સુપેરે સમજે છે ને યથાયોગ્ય એને મદદ કરે છે જ. વાલ્મીકિ મરા-મરા કરતાં રામને પામેલા-સાક્ષાત્કાર પામેલા. એટલે મહત્ત્વ કેવળ શ્રદ્ધા-શરણાગતિ, પ્રેમ અને સમર્પણનું જ છે. એ સિવાય બીજું બધું જ કેવળ બાહ્યોપચાર છે, મિથ્યા છે.

વિધિવિધાન એક સાધન છે, સિદ્ધિ નથી. એ સાધન ગૌણ છે. સાધ્ય તરફ-પરમાત્મા તરફ લક્ષ આપવાનું છે. એ જ આખરી ધ્યેય છે.

આમ આધ્યાત્મિક પ્રવચનો-કથા-વાર્તાના શ્રવણ-વાચનથી પ્રત્યેક મનુષ્યને-ઉપાસકને આધ્યાત્મિકતાની-ભક્તિની ચોક્કસ દિશા સૂઝે છે, પ્રેરણા મળે છે. માનવીની પોતીકી આધ્યાત્મિકતા કે સ્વયંસ્ફુરિત શ્રદ્ધા અને ભક્તિને બળ મળે છે. માનવી પોતાના આધ્યાત્મિક તેમ જ ભૌતિક જીવનના વ્યવહારોમાં એક નવી જ તાજગી ને સ્વસ્થતા અનુભવે છે. કારણ કે આવા વાચન-શ્રવણથી જીવનની ભૌતિક આધિ-વ્યાધિ-ઉપાધિથી સંત્રસ્ત મનુષ્ય અદ્‌ભુત ને અપૂર્વ એવી માનસિક શાંતિ અવશ્ય પ્રાપ્ત કરે છે, એ નોંધપાત્ર હકીકત છે – સ્વાનુભવ કરી જોજો. આવા ઈશ્વરવિષયક વાચન-શ્રવણથી માનવી થોડી ક્ષણો પૂરતો સંસારિકતાથી વેગળો બની ઈશ્વરમાં મનને જોડવાનો પ્રયત્ન કરે છે યા તો એનું ચિત્ત ઈશ્વરમાં તદ્રુપ થાય છે, જે તેની આધ્યાત્મિકતામાં બળ પૂરનારું નીવડે છે, યા તો એની સુષુપ્ત શ્રદ્ધા ઝંકૃત થઈ ઊઠે છે.

આજે ઈશ્વરના અસ્તિત્વનો ઇનકાર થઈ રહ્યો છે, વિજ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી જઈ રહી છે તેવા સમયમાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાનો સૂર એકદમ ક્ષીણ છતાં સ્પષ્ટ તો છે જ. અને બહુ ઓછાં માનવીઓ કેવળ પ્રભુપરાયણ, ભક્તિપરાયણ જીવન જીવતાં જોવા મળે. છતાં ઓછા તો ઓછા, પણ તેઓની ભક્તિપરાયણતા ખરે જ પ્રબળ ને પ્રખર હોય છે. તેવાઓના સમ્પર્કમાં રહેવાથી, એમની સાથે વિચારોની આપ-લે કરવાથી કે તેમનું માર્ગદર્શન મેળવવાથી પણ માનવીની સુષુપ્ત શ્રદ્ધા ઝંકૃત થઈ ઊઠે છે અથવા તો ઈશ્વરમાં ઉદ્‌ભવેલી શ્રદ્ધા અને ભક્તિ બળવત્તર બને છે. કારણ કે તેમના ઈશ્વરકૃપાના, ભક્તિના, શ્રદ્ધાના અનુભવો, તેમની ભૌતિક-આધ્યાત્મિક સફળતા-નિષ્ફળતાની વાતોમાંથી માનવીને પોતાના જીવનમાં નવો જ પ્રકાશ, નૂતન પ્રેરણા, જીવન જીવવાની નૂતન દિશા, નવો જ અર્ક પ્રાપ્ત થાય છે, જે માનવીના ભૌતિક તેમ જ આધ્યાત્મિક જીવનને અનેરો જ વેગ અર્પી રહે છે.

સન્તોનાં જીવનચરિત્રો વાંચવાથી પણ માનવીને આ જ રીતે એક નવો પ્રકાશ લાધી રહે છે.

સન્ત-ગુરુના સાન્નિધ્યનો આનન્દ અલૌકિક હોય છે અને તેમનો સત્સંગ માનવીને માટે શાંતિદાયક ને કલ્યાણકારક હોય છે. સન્તના સાન્નિધ્યમાં, એમની આસપાસના સમગ્ર વાતાવરણમાં એક પ્રકારની દિવ્યતા અને અલૌકિકતાનો અનુભવ થાય છે સન્તવાણી-ગુરુવાણી પ્રત્યેક મનુષ્યને-ઉપાસકને ભૌતિક તેમ જ આધ્યાત્મિક ઉભય રીતે કલ્યાણકારક બની રહે છે તેમ જ એક નવી જ દિશા સૂઝાડી આપે છે. સન્તનું સાન્નિધ્ય માત્ર – સત્સંગ માત્રથી માનવીને અપૂર્વ એવી આત્મશાંતિ પ્રાપ્ત થાય છે, તો મનની મૂંઝવણોનું પ્રત્યક્ષ કે પરોક્ષ નિરાકરણ થાય છે કે ઉકેલ મળે છે.

અને એથી યે વિશેષ માનવીની બુદ્ધ શુદ્ધ બને છે. તેજસ્વી-કુશાગ્ર બને છે. માનવીની ચૈતસિક વૃત્તિઓ ભૌતિકતાથી વેગળી બની, સંયમિત બની આધ્યાત્મિકતા પ્રતિ-વધુ ને વધુ ઈશ્વર તરફ ઢળે છે. માનવીની સમગ્ર આધ્યાત્મિકતા શ્રદ્ધા, શરણાગતિ ને સમર્પણ – એક નવા જ સ્વરૂપે આવિષ્કાર પામે છે. માનવીની સંસ્કારિતા વધુ સંસ્કાર પામે છે. અનૈતિક માર્ગે વળેલા-કુછંદે ચડેલા કે જીવનની ગમે

તે આધિ-વ્યાધિ-ઉપાધિથી ત્રસ્ત બનેલ માનવીને માટે સન્ત યા અન્ય કોઈ પણ પ્રકારનો એક પળનો પણ સત્સંગ સન્માર્ગે જવા પ્રેરે છે, સન્માર્ગે વળેલો માનવી આત્મકલ્યાણ સાધે છે ને કેવળ પ્રભુભક્તિમાં જ સર્વ સુખનો અનુભવ કરે છે.

૦ સત્સંગ આધ્યાત્મિકતાનું એક સોપાન છે. તેથી સર્વજનોમાં પ્રશંસા પામેલો છે. એની તુલનાએ કોઈ વસ્તુ આવી શકતી નથી. તેમ જ તે સર્વ વાતે શુભ ફલદાયક જ છે. સત્સંગ માનવીની સુષુપ્ત આધ્યાત્મિકતાને જાગ્રત કરે છે. ભૌતિક જીવનની સંત્રસ્તતાને, માનવીની મનોવેદનાને વિદારનારું એક મોટું પરિબળ તે સત્સંગ છે. જીવનની આધિ, વ્યાધિ, ઉપાધિથી સંત્રસ્ત મનુષ્ય કોઈ સગા-સમ્બન્ધી, સ્નેહીજનો, મિત્રો પાસે જાય તો પળભર હળવાશ લાગે, કંઈક ઉકેલ મળે, થોડું આશ્વાસન કે સહાનુભૂતિ મળે, ક્યારેક નિરાશા પણ સાંપડે, કારણ કે સુખમાં સૌ કોઈ સુખી થાય, દુઃખમાં કોઈ સાથ નહિ આપે, એ મનુષ્ય-સ્વભાવની લાક્ષણિકતા છે. ઘણાને એવો અનુભવ થયો હશે. આથી સત્સંગને આશ્રયે જવાથી, સત્સંગનું સાન્નિધ્ય સેવવાથી માનવી અનેક રીતે સુખી થાય છે. કારણ કે એમાંથી કોઈ ને કોઈ ઉકેલ મળી રહે છે, અથવા તો માનસિક શાંતિ તો અવશ્ય મળે જ છે. સગા-સમ્બન્ધીઓ જે ઉકેલ દર્શાવે, માર્ગદર્શન આપે તે કવચિત્ સ્વાર્થ કે અંગત રાગદ્વેષ, પૂર્વગ્રહપ્રેરિત હોવાનો સંભવ રહે, પણ સત્સંગ મનુષ્યને સત્ય દિશાનું સૂચન કરે છે, જીવનની સંત્રસ્ત દશામાં માનવી જ્યારે એકલતા અનુભવે ત્યારે સત્સંગનો કોઈપણ પ્રકારે આશ્રય લેવાથી એકલતા દૂર થાય છે ને જીવન ઘડીભર સભરતાનો અનુભવ કરી રહે છે.

એક સિક્કાની બે બાજુની જેમ સત્સંગ ભૌતિક તેમ જ આધ્યાત્મિક ઉભય રીતે ફલદાયક બની રહે છે.

આમ છતાં માનવના સ્વભાવગત કેટલાક દોષો-ત્રુટિઓને કારણે સત્સંગનું સત્પરિણામ અવરોધાય છે એ દોષો આ પ્રમાણે ગણાવી શકાય :

**કાયિક :** શરીર દ્વારા ઉદ્ભવતા દોષો જેવા કે ચોરી, વ્યભિચાર, જીવની હિંસા કરનારને સત્સંગની કોઈ અસર થતી નથી.

**વાચિક :** વાણીથી ઉત્પન્ન થતા દોષો જેવા કે પારકી નિંદા, જૂઠું બોલવું, ઇર્ષા કરવી, કટુ-કઠોર વચનો બોલવાથી પણ માનવી સત્સંગના સત્ય પ્રકાશને પામી શકતો નથી.

**માનસિક :** મનમાં ઉત્પન્ન થતા દોષો-વિકારોહીન વૃત્તિઓ, તૃષ્ણા-તુચ્છ વિષયોમાં-બાબતોમાં મનને આસક્ત રાખવાથી કે મન આસક્ત થવાથી કે ક્ષુલ્લકતાની આશા સેવવાથી, બીજાના અવગુણો જોવાની ટેવથી, મનમાં ઉત્પન્ન થતા અહમ્ ભાવથી માનવી કે ઉપાસક જીવન કે ઈશ્વરના સાચા રહસ્યને, જીવનમાં આવતી મુશ્કેલીઓનો, ઉપાસનામાં આવતા અવરોધોનું યથાયોગ્ય નિરાકરણ કે ઉકેલ શોધી શકતો નથી, તેનો તાગ પામી શકતો નથી, ઈશ્વરની કૃપાપાત્ર બની શકતો નથી, નથી ઈશ્વરને ભજી શકતો કે નથી જીવન જીવી શકતો. માનવીનું મન જ સર્વ સુખદુઃખ-બન્ધન-મોક્ષનું કારણ છે. તેથી મનને સ્વચ્છ-નિર્મળ ને પવિત્ર કરવાની આવશ્યકતા છે. કારણ કે પરમાત્મા ત્યાં જ બિરાજેલો છે. પણ મનની મલિનતાઓના થરને કારણે મનમાં-હૃદયમાં બિરાજેલ પરમાત્મા દેખાતો નથી. એનામાં શ્રદ્ધા જાગતી નથી. શરણાગતિનો ભાવ ઉદ્ભવતો નથી, તો પછી એની ભક્તિ તો ક્યાંથી જ ઉદ્ભવે ? એટલે એ મનની મલિનતાઓ દૂર થાય તો શ્રદ્ધા જાગે, શરણાગતિ ઉદ્ભવે, પ્રભુ પ્રેમનો-પ્રભુકૃપાનો અનુભવ થાય.

જેમ અસ્વચ્છ જગા પર પાણીનો સતત છંટકાવ કરવાથી અસ્વચ્છતા દૂર થઈ જગા સ્વચ્છ બને છે તેમ જ આ હૃદય પર–માનવીના સમગ્ર અસ્તિત્વ પર સત્સંગના શુદ્ધોદકનો સતત અભિષેક કરવાથી માનવહૃદયના–અસ્તિત્વના સમસ્ત દોષો દૂર થઈ જાય છે, મન પવિત્ર ને નિર્મળ બને છે. પ્રભુપ્રેમનો અનુભવ થાય છે, જીવનનું શાશ્વત સુખ સમજાય છે, શાશ્વતમાં પ્રીતિ જાગે છે, ને અશાશ્વતમાં અસુખ ઉત્પન્ન થાય છે.

આમ, સત્સંગ માનવીના Inner being–આંતર અસ્તિત્વને સમૃદ્ધ, સત્ત્વશીલ ને સભર બનાવવાનું એક મોટું સાધન છે. કારણ કે સત્સંગથી મનુષ્ય સદ્‌વિદ્યા, સદ્‌જ્ઞાન, સદ્‌બુદ્ધિ, સદ્‌વિચાર ને સદાચાર પ્રાપ્ત કરે છે – અથવા પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બને છે. પણ આંતર અસ્તિત્વને સમૃદ્ધ બનાવતી આ ને આવી પ્રક્રિયા નિરંતર–અવિરત સત્સંગ દ્વારા પ્રાપ્ત થઈ શકે છે, એ સ્વાનુભવે જ સમજાશે. સત્સંગ દુર્જનને પણ સતોગુણી, પાપાત્માને પુણ્યવાન ને પવિત્ર બનાવે છે.

સત્સંગથી સદ્‌ગુરુના ચરણારવિંદનું શરણ ને રક્ષણ મળે છે, તેમની છત્રછાયા પ્રાપ્ત થાય છે. તેમની છત્રછાયામાં પ્રાપ્ત થતો સત્સંગ માનવીનું આંતરિક ઊર્ધ્વીકરણ કરે છે ને એમ પ્રભુપદને પામે છે – સાક્ષાત્કારને પામે છે.

સત્સંગનો મહિમા અગાધ છે. સત્સંગ દ્વારા પ્રાપ્ત થતા સુખની તોલે બીજું કોઈ સુખ નહિ આવે, એ સ્વાનુભવે જ સમજાશે, સત્સંગમાં ચિત્તને વધારે ને વધારે જોડવાથી સમજાશે.

□

## વિજ્ઞપ્તિ : વાચકો/ઉપાસકો

૧. હંમેશ યાદ રહે એવી વિરલ ઘટનાઓ સૌના જીવનમાં બનતી હોય છે. પ્રેરણાદાયી સત્ય પ્રસંગો, જોયેલી, જાણેલી, માણેલી, પ્રેરક સત્ય ઘટનાઓ, અનુભવો, સંક્ષેપમાં લખી મોકલવા નિમંત્રણ છે.

૨. પ્રેરણાદાયી આધ્યાત્મિક લેખો મોકલશો.

— સમ્પાદકશ્રી



મા ગાયત્રીની કૃપા

શ્રી ગણેશ ટ્રેડર્સ

'ભગવતી'

□

ઊદવાડા–Rs. ૩૯૬૧૮૫

# હું જીવનમાંથી શું શીખ્યો !

નરેન્દ્રભાઈ બી. દવે (પૂ. શાસ્ત્રીજી)

સૃષ્ટિના સર્જનહારે મનુષ્યજીવનને વિકસાવવા, ખીલવવા માટે અનેક શકયતાઓ, સંભાવનાઓ અને તકો નિર્માણ કરી આપી છે. મનુષ્યનું જીવન પણ સ્વયં એક બહુ મોટું તત્ત્વજ્ઞાન છે, જેમાંથી અનેક પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેમકે મનુષ્યનું સર્જન, તેનું જીવન, સુખદુઃખ, તેનું શરીર, શરીરની અનેક ક્રિયાઓ, તેનું મન, માનસિક સ્પંદનો, તે દ્વારા સિદ્ધ થતાં અનેક નાનાં મોટાં કાર્યો, કર્મના સિદ્ધાંત અનુસાર મનુષ્યના સર્જનની પ્રક્રિયા વિગેરે અવિરત ચાલુ રહે છે. તેના ઊગમ અને અસ્તની કોઈ સીમા નથી.

સૃષ્ટિમાં ચાલતી આ પ્રક્રિયાઓ, મનુષ્યના અનેકવિધ શારીરિક, માનસિક, કૌટુંબિક, સામાજિક, સામાજિક વ્યવહારોમાંથી આપણે જો થોડાક સજાગ રહીશું અને સમજવાનો પ્રયત્ન કરીશું તો મને લાગે છે કે આપણને એમાંથી અખૂટ, અગાધ જ્ઞાનનો ભંડાર પ્રાપ્ત થશે.

આપણા પ્રાચીન ઋષિમુનિઓએ પ્રખર તપશ્ચર્યા કરીને જીવન અને ઈશ્વર વિશેનાં અનેક રહસ્યો આપણી સમક્ષ છતાં કર્યાં છે. ભારતીય સંસ્કૃતિના આભૂષણ સમા વેદો, ઉપનિષદો, સ્મૃતિગ્રંથો, પુરાણો, રામાયણ–મહાભારત અને ભાગવતની કથાવાર્તાઓમાં જ્ઞાનનો ભંડાર ભરેલો છે. ઈશ્વરપ્રાપ્તિના અનેક માર્ગોનું ને રહસ્યોનું નિદર્શન કરવામાં આવ્યું છે. જીવનના આદિ, મધ્ય ને અન્ત વિશે અનેક પ્રકારની તાત્ત્વિક ચર્ચાઓ પ્રાપ્ત થાય છે. એમાંથી આપણને ઘણુંઘણું જાણવાનું મળે છે. અને ત્યારે પ્રશ્ન થાય છે કે મનુષ્ય એમાંથી કંઈ શીખે છે ખરો ? કંઈ મેળવે છે ખરો ?

આ પૃથ્વી પર જન્મ ધારણ કરીને મનુષ્ય એના શૈશવકાળથી જ શીખવાની શરૂઆત કરે છે. શાળામાં પ્રવેશ કરી પદ્ધતિસરનો અભ્યાસ કરી ઉચ્ચ શિક્ષણ, મહાશાળા વિગેરેની પદવીઓ પોતાના પુરુષાર્થ અને પ્રારબ્ધ અનુસાર પ્રાપ્ત કરે છે; અને જીવનમાં કંઈક પ્રાપ્ત કર્યાનો આનંદ મેળવે છે. પુસ્તકિયા જ્ઞાનના મિથ્યા આડંબરમાં, અહમ્, ડોળ ને દમામમાં જીવનનું સારસર્વસ્વ મેળવી લીધાનું માનીને નિશ્ચિંત થઈને ફરે છે.

પરંતુ જીવનમાં ઉચ્ચ શિક્ષણ, ઊંચી પદવી, ઉચ્ચ હોદ્દાનો વ્યવસાય, પૈસો, મોટરગાડી, બંગલા, વાડીવજીફા ને અન્ય અનેક પ્રકારની ભૌતિક સમૃદ્ધિ માનવજીવનની આખરી પ્રાપ્તિ છે ? આખરી ધ્યેય છે ? અને ધારો કે એના મતે એ જ એનું આખરી ધ્યેય હોય તો પણ એ ભૌતિક સમૃદ્ધિમાંથી એ શું મેળવે છે ? એમાંથી એણે જીવન ને જીવનના નિર્માતા એવા પરમતત્ત્વનાં પરમ રહસ્યો શીખી લીધાં છે ? જાણી લીધાં છે ? પરંતુ એનો જવાબ "ના"માં જ મળે.

ત્યારે પૃથ્વી પર જન્મ ધારણ કરીને મનુષ્યે જીવનમાં શીખવા જેવું શું ? જાણવા જેવું શું ? મનુષ્યે જન્મ ધારણ કરીને આ પૃથ્વી પર જાણવા માટે, શીખવા માટે, જ્ઞાન પ્રાપ્ત કરવા માટે, વિશાળ તકો છે. મનુષ્યે પોતાના જીવનમાંથી, જીવનમાં થતા વિવિધ અનુભવોમાંથી ઘણું ઘણું શીખવાનું છે, જીવનમાં ઊતારવાનું છે. જીવનમાં ઉદ્ભવતા અનેક કટુ–મધુર પ્રસંગો ઘણું બધું શીખવી જાય છે. જીવનની નૂતન દિશા ચીંધે છે, નવીન પ્રેરણા કરે છે. એ પ્રેરણા ને નૂતન દિશાને આધારે મનુષ્યે પોતાના જીવનને ગતિશીલ બનાવવાનું છે.

મારા જીવનમાંથી હું શું શીખ્યો ? મેં શું મેળવ્યું ? તે આપની સમક્ષ પ્રસ્તુત કરવાનો ઉપક્રમ અત્રે સ્વીકાર્યો છે. મને આશા છે કે એમાંથી આપને કંઈક ને કંઈક પ્રેરણા–નૂતન દિશા લાધશે જ.

મારા જીવન દરમિયાન હું જે કંઈ શીખ્યો કે મેં જે કાંઈ મેળવ્યું તે આ પ્રમાણે છે :

(૧) ઈષ્ટદેવમાં – મા ગાયત્રીમાં સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ.
(૨) અહમ્નો ત્યાગ કરવો.
(૩) નિઃસ્વાર્થ સેવા કરવી.
(૪) દુઃખીઓનાં દિલનાં આંસુડાં લૂછવાં.
(૫) પરનિન્દાથી દૂર રહેવું.
(૬) બીજાના સુખમાં સુખી થવું. કોઈની ઇર્ષ્યા કરવી નહિ.
(૭) પુરુષાર્થને અગ્રતા આપવી–સતત કાર્યશીલ રહેવું.
(૮) નિઃસહાયને સહાય કરવી.
(૯) કોઈની પણ સાથે કદી વિશ્વાસઘાત કરવો નહિ.

નવધા ભક્તિ જેવા આ નવ નિયમોને મેં મારા જીવનમાં વણી લીધા છે. અને તેને કારણે જ મા ગાયત્રીના આશીર્વાદનો, સાક્ષાત્કારનો અધિકારી બની શક્યો છું, અને એટલે જ મારું દઢ અને સ્પષ્ટ મંતવ્ય છે કે કોઈપણ વ્યક્તિ પોતાના જીવનમાં ઉપરોક્ત નવ નિયમોને, નવ નીતિમત્તાનાં ધોરણોને પોતાના જીવનમાં અપનાવે તો પોતાના ઈષ્ટ દેવના પ્રેમ, આશીર્વાદ અને પ્રેરણાના અધિકારી બની શકે.

## [૧] ઇષ્ટદેવમાં – મા ગાયત્રીમાં સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ :

આત્મા એ પરમાત્માનો જ એક અંશ છે. મનુષ્ય જીવનની શરૂઆત–આદિ પરમાત્માને ત્યાંથી જ થાય છે, અને અંત–વિલિનીકરણ પણ પરમાત્મામાં જ થાય છે. જન્મ અને મૃત્યુ વચ્ચેના જીવનકાળ દરમિયાન મનુષ્યનું આખરી ધ્યેય, પરમતત્ત્વની શરણાગતિ. સ્વીકારી, શ્રદ્ધાપૂર્વક તેની ઉપાસના કરવાનો છે. પરમાત્માનો સાક્ષાત્કાર તો કોઈ વિરલાને જ થાય. પરંતુ ઇષ્ટમાં અનન્ય શ્રદ્ધા સેવનારને એની શરણાગતિ સ્વીકારનારને ઇશ્વરની કૃપાના દિવ્ય ને અલૌકિક અનુભવ તો થાય જ છે.

શૈશવમાં યજ્ઞોપવીત ધારણ કરી ત્યારથી જ મેં ગાયત્રી મહામંત્રને મારા જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લીધો છે — માતાપિતાનો ધાર્મિક સંસ્કાર–વારસો મને જન્મથી જ મળેલો છે. આ ધાર્મિક વારસાને વિકસાવવા અને સાચવવા માટે હું સતત જાગ્રત રહેતો. મા ગાયત્રીને જ મારા ગુરુ–માર્ગદર્શક માનીને સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી તેની ઉપાસના કરું છું. અને મારા આ ગુરુના માર્ગદર્શનની પ્રતીતિ મને જીવનમાં પ્રતિપળે થયા જ કરે છે. કર્મનું સારું–માઠું ફળ તો દરેકે ભોગવવું જ પડે છે. તેમાંથી હું પણ બાકાત નથી રહી શકતો. પરંતુ મા ગાયત્રીની સંપૂર્ણ શરણાગતિથી મને નૂતન બળ સાંપડે છે. મારી પ્રતિકારશક્તિ, સહનશીલતા અનેકગણી વધી જાય છે.

પરમતત્ત્વની શક્તિ તો અનન્ત છે—એને શરણે જનારનું કદી અહિત થતું જ નથી—પરંતુ વ્યક્તિના આ ભવનાં કે પૂર્વભવનાં સત્–અસત્ કર્મોની છાયા આડે આવીને ઉભી રહી જાય ત્યારે પેલાં સંચિત્ સત્કર્મોને કારણે વ્યક્તિ તત્કાળ ધાર્યું પરિણામ પ્રાપ્ત કરી લે—અસત્ કર્મોને કારણે ઇપ્સિત ધ્યેયને સિદ્ધ થતાં વાર લાગે છે, કે કેટલાંકને એ સિદ્ધ નથી પણ થતાં. આમ જ્યારે કોઈ ભવનાં અસત્ કર્મોની છાયા હેઠળ માનવી આપત્તિઓમાં સપડાય છે, ત્યારે તે જીવનથી હતાશ–

નાસીપાસ થાય છે. અને સ્વાભાવિકપણે જ ઈશ્વર પ્રત્યે અસંતોષ અને રોષ ઉદ્દભવે. એને થાય કે ઈશ્વરને ત્યાં ન્યાય જ નથી. બધું અંધેર જ ચાલે છે!

પરંતુ આ એક ઉતાવળિયો વિચાર છે. ઈશ્વરને ત્યાં દેર પણ નથી અને અંધેર પણ નથી. એને ત્યાં સ્પષ્ટ ન્યાય છે. ત્યાં કોઈની લાગવગ ચાલતી નથી. મારું તો સ્પષ્ટ મન્તવ્ય છે કે પરમતત્ત્વની શક્તિને કોઈપણ પ્રકારનાં ભૌતિક મૂલ્યોથી માપી શકાય નહિ. ભૌતિક જીવનની સફળતા–નિષ્ફળતાને વ્યક્તિની ઉપાસના સાથે કોઈ સમ્બન્ધ નથી. પરન્તુ જીવનના પ્રશ્નો ન સુલઝાતા, એનો ઉકેલ ન આવતા મનુષ્ય અકળાઈ ઊઠે છે. તો શું એનો અર્થ એવો કે ધારી નોકરી મળે, સંતાન પ્રાપ્ત થાય, મનોવાંછિત વર મળે કે કન્યા મળે, કે, જીવનનાં ધારેલાં કાર્યો સફળ થાય તો જ પરમાત્મા સાચો? ના એવું નથી. પરમતત્ત્વ અતિ દિવ્ય, અલૌકિક અને અગમ્ય છે. એટલે એને સમજવા માટે દિવ્ય અને અલૌકિક દૃષ્ટિ, સૂઝ, સમજ અને સજાગતા આવશ્યક બની રહે છે. અને એ પણ ઈષ્ટની કૃપા હોય તો જ પ્રાપ્ત થાય. સમસ્ત સૃષ્ટિનું સંચાલન પરમાત્માના હાથમાં છે એટલે સૃષ્ટિના બુંદ સમું મનુષ્યજીવન પણ તેને જ આધીન છે.

"**बलीयसी केवलम् ईश्वरेच्छा**। ઈશ્વરની ઇચ્છા જ બળવાન છે. એટલે જ સંપૂર્ણ શ્રદ્ધા અને અનન્ય શરણાગતિથી તેનું જ શરણું લેવું.

નીતિમય જીવન ઇષ્ટ ઉપાસનાનું પ્રથમ પગથિયું છે. પરમાત્માનો સાક્ષાત્કાર પામવા માટે કે તેની પ્રત્યક્ષતાની અનુભૂતિ કરવા માટે આપણે નીતિમત્તાનાં ધોરણો જીવનમાં અપનાવવાં પડશે. નીતિમત્તાનાં મૂલ્યો વગર કરેલી ઉપાસના કે પરમાત્મા માટે ધરેલ તન–મન–ધનની સેવા પરમાત્માના ચેતનતત્ત્વ સુધી પહોંચતી નથી.

સાત્ત્વિક ઉપાસનાના પંથે પ્રયાણ કરતાં અનેક મુસીબતો, ઝંઝાવાતો આવે, પરંતુ તેનાથી ડગી જશો નહિ. શ્રદ્ધા અને શરણાગતિના રાજમાર્ગ પર તમારું પ્રયાણ ચાલુ જ રાખશો. પરમાત્મા આ રાજમાર્ગ પર જ આપણને ભેટી જાય છે. આ એક સ્વાનુભવ છે.

પરમાત્માની ઉપાસના કરવા માટે સંસાર છોડવાની જરૂર નથી, કે સંસારની ફરજો અદા કરવામાંથી વિચલિત થવાની જરૂર પણ નથી. સંસારની ફરજો બજાવતાં બજાવતાં પણ પરમાત્માની સમીપ રહી શકાય છે, તેની ઉપાસના કરી શકાય છે. ઉપાસના માટે સાધન કરતાં સાધનાનું મહત્ત્વ અદકેરું અને અનેકગણું છે. ઈષ્ટની ઉપાસના માટે અમુક માળા લેવી, અમુક વિધિ કરવી, અમુક ફૂલ લેવાં વગેરે વગેરે વસ્તુઓ ગૌણ છે. મારું તો સ્પષ્ટ મંતવ્ય છે કે સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો અને તેના અનુભવનો આસ્વાદ જાતે જ માણજો.

## [ ૨ ] અહમ્‌નો ત્યાગ :

ઇષ્ટની સમીપ જવા માટે શ્રદ્ધા અને શરણાગતિના રાજમાર્ગ પરથી અહમના અવરોધને દૂર કરવો પડશે. અહમનો અતિરેક આપણો સર્વનાશ નોતરે છે. અહમથી આદરેલી ઉપાસના પરમાત્માના ચેતનતત્ત્વ સુધી પહોંચતી નથી. નમ્રતા અને સરળતા જ પરમાત્માને વધુ પ્રિય છે.

મેં મંદિર બનાવ્યુ, મેં મૂર્તિ પધરાવી, મેં અમુક દાન કર્યું, અમુક બાળકોને ભણાવવા ફી આપી, વગેરે દાનકર્મની લાંબી યાદીથી આપણો અહમ્ સંતોષાય, ભૌતિક જગતમાં આપણું સન્માન થાય, પરંતુ પરમાત્માની યાદીમાં એ 'હું' નું કોઈ સ્થાન નથી.

"હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે."

પરમાત્માનું કાર્ય કરવા માટે, માનવબંધુની સેવા કરવા માટે આપણે તો ફક્ત એક માધ્યમ જ છીએ. આપણે તો ફક્ત એક સાધનમાત્ર છીએ જ. કર્તા-કારવતા પરમાત્મા-સૃષ્ટિનિયંતા પોતે જ છે. "મેં કર્યું" કહીને યાચકને પોતાના અહેસાનમાં લેવો, તે પરમાત્માને ઉચિત નથી-પસંદ નથી.

અહમ્‌થી અભડાયા વગર તન-મન-ધનથી યથોચિત માનવબંધુની કરેલી સેવા આપણાં સત્કર્મોમાં સંચિત થાય છે અને પરમાત્માની કૃપાના અધિકારી બનાવે છે.

## [૩] નિઃસ્વાર્થ સેવા કરવી :

આપણી શક્તિ અનુસાર તન-મન-ધનથી પ્રાણીમાત્રની સેવા કરવી-સેવામાં બદલાની અપેક્ષા રાખી શકાય નહિ. ફરી લઈને, બદલાની અપેક્ષા રાખીને કરેલી સેવા એ સેવા ન કહેવાય, એ એક વ્યાપાર બની જાય છે, કે જેમાં આપવા-લેવાનો વ્યવહાર હોય છે. સેવામાં કીર્તિ, નામના કે ધન્યવાદના બે શબ્દોની પણ અપેક્ષા ન હોય ત્યારે તે નિઃસ્વાર્થ સેવા બને છે. ધર્મશાળા બંધાવી, હોસ્પીટલમાં દાન આપ્યું, મંદિરમાં મૂર્તિ બેસાડી, વગેરે દાનધર્મનાં કાર્યોમાં જ્યારે એ વ્યક્તિના નામની તકતી લાગે ત્યારે એ સેવામાં કીર્તિની ખેવનાનો સ્વાર્થ ભળે છે અને ત્યારે એ સેવા વ્યાપાર બની જાય છે. સેવાને આપણે આપણા જીવનનાં દૈનિક કાર્યોમાં વણી લઈએ, એને કોઈપણ જાતની અપેક્ષા વગર, આપણી શક્તિ અનુસાર, તન, મન કે ધનથી માનવસેવાનું કાર્ય કરીએ તો એ સાચા અર્થમાં નિઃસ્વાર્થ સેવા બની શકે. આપણાં સંચિત સત્કર્મોમાં એની નોંધ થાય અને પરમાત્માની કૃપાના અધિકારી બની શકાય.

## [૪] દુઃખીઓનાં દિલનાં આંસુડાં લૂછવાં :

દુઃખ એ અસત્ કર્મનું ફળ છે. દુઃખ ભોગવતાં ભોગવતાં વ્યક્તિને ઘણી વખત પોતાના પાપનો પસ્તાવો પણ થાય છે. પડતાંને બે પાટુ વધારે મારવાનો આ સ્વાર્થી જગતનો ક્રમ છે, શિરસ્તો છે. પરંતુ એ દુઃખીઓનાં બેલી થઈને રહેનારાં કોઈ વિરલા-ઓલિયા-જ હોઈ શકે. સુખમાં સહુ સાથ આપે, દુઃખમાં સહુ હાથતાલી આપે. પરંતુ દુઃખી પ્રત્યે હમદર્દી બતાવી, તેની વાતને સહાનૂભૂતિ-પૂર્વક સાંભળી, તેનાં દર્દીલાં આંસુને લૂછવાં અને તેના દુઃખી જીવનમાં સહભાગી થવું એ પણ માનવ-સેવાનો-પ્રભુસેવાનો એક પ્રકાર જ છે. આપણે પરમાત્માને દુખીઓનો બેલી કહીએ છીએ તો એ પરમાત્માનાં આપણે સૌ બાળકો આપણાં દુઃખી માનવબંધુની વહાર કરવી એ આપણો ધર્મ બની રહે છે, આપણી પવિત્ર ફરજ બની રહે છે.

## [૫] પરનિન્દાથી દૂર રહેવું :

બીજાનાં સત્કર્મોને બિરદાવવાં પરંતુ કોઈની નિંદા કરવી નહિ; કે સાંભળવી નહિ. તેવા વાતાવરણમાં હાજરી પણ આપવી નહિ. પરનિંદામાં આપણી ભાગીદારી એટલે આપણાં અસત્ કર્મોમાં ઉમેરો-વધારો. આપણાં સમય અને શક્તિનો વ્યય કરીને, બીજાના દિલને દુઃખ પહોંચાડીને આપણે ક્ષણિક આનંદ મેળવવો એ પરમાત્માને મંજૂર નથી.

આપણે આપણા કાર્યમાં વ્યસ્ત રહેવું, નવરાશ મળે પ્રભુચિંતન, માનસિક મંત્રજાપ, સારાં પુસ્તકોનું વાચન કે જનસેવામાં સમય અને શક્તિનો વ્યય કરવો જેનાથી આપણો ઉત્કર્ષ થાય-માનસિક શાંતિ મળે, અને પરમાત્માની વધારે નજીક જઈ શકાય, તેના કૃપાપાત્ર બની શકાય.

**[ ૬ ] બીજાના સુખમાં સુખી થવું, કોઈની ઇર્ષ્યા કરવી નહિ :**

સુખમાં સહુ સાથ આપે, પરંતુ બીજાના સુખમાં સુખી થનારા કેટલા? બહુ જ થોડા-ગણ્યા ગાંઠ્યા વિરલા જ. બીજા તો ઇર્ષ્યાની આગમાં બળતા બળતા એને પાડવાની જ પેરવીમાં હોય. બીજાની ઇર્ષ્યા, અદેખાઈ કરનાર ભક્તિ સ્વયં એ ઇર્ષ્યાની આગમાં ખાખ થઈ જાય છે. પોતાની ઉન્નતિ ખાતર, રક્ષણ ખાતર, બીજાના સુખમાં સુખી થવું, દુઃખમાં ભાગીદાર થવું, અને કદી કોઈની પણ ઇર્ષ્યા કરવી નહિ. પરમાત્મા દરેકને પોતાના સત્કર્મ અનુસાર રૂપ, સૌંદર્ય, ગુણ, કુટુંબ, ધન, વૈભવ વગેરે આપે છે અને પ્રારબ્ધ રૂપે મેળવેલ આ સંપત્તિનો વિનિયોગ સ્વના ઉત્કર્ષ માટે અને માનવ-બંધુની સેવા માટે કરવો જોઈએ. અને તેના સગાંસ્નેહી, મિત્રવર્તુળે તેની ઇર્ષ્યા ન કરતાં, તેને અધઃ-પતનની ગર્તામાં ન ધકેલતાં તેના સુખ-સંપત્તિનો સાત્ત્વિક વિનિયોગ કરાવવામાં સહભાગી થવું. તેની આસપાસનું વાતાવરણ સાત્ત્વિક રાખવા પ્રયત્નશીલ રહેવું, જેથી એ સાત્ત્વિક વાતાવરણનાં સાત્ત્વિક આંદોલનો તેના વિચાર, વાણી અને વ્યવહારને જનસેવાના કાર્યમાં દોરવશે.

**[ ૭ ] પુરુષાર્થને અગ્રતા આપવી – સતત કાર્યશીલ રહેવું :**

પ્રારબ્ધ અને પુરુષાર્થ એ જીવનનૌકાનાં બે હલેસાં છે. એ હલેસાં વગર સંસાર સાગર પર ચાલતી એ જીવનનૌકા અટવાઈ જાય છે. માટે જ પુરુષાર્થનું મહત્ત્વ જીવનમાં વધારે છે. પ્રારબ્ધ કર્મ અનુસાર આપણને શરીર, સ્વાસ્થ્ય, ધન-વૈભવ વગેરે મળ્યું હોય, પરંતુ તેને નિભાવવા માટે, તેમાં ઉમેરો કરવા માટે, જનહિતાર્થે તેનો વિનિયોગ કરવા માટે પુરુષાર્થ તો કરવો જ પડે.

પુરુષાર્થ વગર આપણે નિષ્ક્રિય, આળસુ બની જઈએ છીએ. આપણો માનસિક વિકાસ થતો અટકી જાય છે, અને આ શારીરિક અને માનસિક નિષ્ક્રિયતાવાળી વ્યક્તિ રોગનું ઘર બને છે. માનસિક અને શારીરિક તંદુરસ્તી માટે આપણે સતત કાર્યશીલ રહેવું જરૂરી છે.

શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં અર્જુનને કહ્યું છે કે **"કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન"— તું કર્મ કર્યે જા, ફળની ચિંતા કરીશ નહિ.** આમ પરમાત્માએ પણ કર્મ કરવાનો–પુરુષાર્થ કરવાનો ઉપદેશ તો આપ્યો જ છે. ભૌતિક અને આધ્યાત્મિક ક્ષેત્રે પુરુષાર્થ તો અનિવાર્ય આવશ્યકતા છે જ. દરેક વ્યક્તિએ પોતાને ફાળે આવતુ કાર્ય પૂર્ણ કરવા હમેશાં પ્રયત્નશીલ રહેવું. પુરુષાર્થ વગર શારીરિક, માનસિક, કે આધ્યાત્મિક વિકાસ શક્ય જ નથી.

આપણે ઇષ્ટની ઉપાસના કરવી હોય તો એ ઉપાસના માટે પણ આપણે પુરુષાર્થ તો કરવો જ પડે ને! ઋષિમુનિઓ, સંતો, વર્ષોની ઉપાસનાના પરિપાક રૂપે પરમાત્માનો સાક્ષાત્કાર પામી શકે છે. ઉપાસના માટે તેઓએ સતત કાર્યશીલ રહેવું પડે છે. ઉપાસનાની આડે આવતા અવરોધોને દૂર કરવા પુરુષાર્થ કરવો પડે. મન, વચન, કર્મથી સંયમી અને પવિત્ર બનવું પડે. આ બધું પુરુષાર્થ વગર બની શકે નહિ.

એક નાવિકની વાત બહુ જ માર્મિક છે. તેની નૌકાના બે હલેસાંનું નામ તેણે પ્રારબ્ધ અને પુરુષાર્થ આપ્યું. પ્રારબ્ધના એક જ હલેસાનો ઉપયોગ કરતાં હોડી ગોળગોળ ફરીને ત્યાં જ ઊભી રહી. સહેજ પણ આગળ વધી નહિં. પુરુષાર્થના હલેસાનો ઉપયોગ કર્યો તો પણ હોડી યથાસ્થાને જ રહી. પછીથી તેણે બન્ને હલેસાંનો ઉપયોગ કર્યો તો હોડી સડસડાટ કરતી નિર્ધારિત સ્થાને આગળ વધવા લાગી.

આપણે પણ જીવનનૌકાને, પરમતત્ત્વને પામવાના નિર્ધારિત સ્થાને પહોંચવા માટે પ્રારબ્ધ અને પુરુષાર્થના હલેસાંનો સતત ઉપયોગ કરવો પડશે તો જ જીવનનૌકા આગળ વધી શકશે.

**[૮] નિઃસહાયને સહાય કરવી :**

શારીરિક નિઃસહાયતા, માનસિક નિઃસહાયતા, ભૌતિક નિઃસહાયતા, કે એવી કોઈ પણ નિઃસહાય દશામાં સંડોવાયેલ પ્રાણીમાત્રને–માનવ કે પ્રાણીને-સહાય કરવી તે આપણી પવિત્ર ફરજ બની રહે છે, આપણો ધર્મ બની રહે છે.

બાળક, વૃદ્ધ, અશક્ત અને શરીરની અન્ય વિકૃતિઓને લીધે નિઃસહાય–અસહાય બનેલ માનવ-બંધુની સહાયતા માટે હમેશાં તત્પર રહેવું. કોઈની પણ નિઃસહાય દશાનો ગેરલાભ ઉઠાવવો નહિ. આંધળાની આંખડી અને પાંગળાની લાકડી બનવા પ્રયત્ન કરવો. એમાં ધર્મ, રાષ્ટ્ર કે જ્ઞાતિ–જાતિનાં બંધનોને આડે આવવા દેશો નહિ.

બસમાં કે ગાડીમાં મુસાફરી કરતાં મેં ઘણીવાર જોયું છે કે બાળકો, વૃદ્ધો, અશક્તો જગ્યાના અભાવે ઊભા હોય છે. જ્યારે આપણી યુવાપેઢી આવી નિઃસહાયતાનો ઉપહાસ કરતાં આરામથી બેઠાં હોય છે ત્યારે સહેજે પ્રશ્ન થાય કે શું આપણી માનવતા મરી પરવારી છે?

નિઃસહાય દશામાં પાણીમાં ડૂબતી, આગમાં બળતી કે લાજ લૂંટાતી અબળાની સહાયે–વહારે જવું તે આપણો માનવધર્મ છે. તેને બચાવી લેવાથી જ આપણો ધર્મ પૂરો થતો નથી, પરંતુ જે પરિબળોએ તેની આ પરિસ્થિતિ નિર્માણ કરી હોય તે પરિબળોને ડામવાનો–મિટાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આપણે રોજ પેટ ભરીને મનગમતી વાનગીઓ જમતા હોઈએ. જ્યારે પડોશમાં બિમાર, ગરીબ અને નિઃસહાય દશામાં રહેતા આપણા પડોશીને એક ટંકનું પણ પેટ પૂરતું જમવાનું ન મળતું હોય તો આપણો માનવધર્મ જાગૃત થઈ તેની સહાયતાએ જવો જોઈએ અને ત્યારે જ આપણે પરમાત્માની કૃપાના અધિકારી બની શકીએ.

**[૯] કોઈની પણ સાથે વિશ્વાસઘાત કરવો નહિ :**

કોઈનો પણ વિશ્વાસઘાત કરવો તે મોટામાં મોટું પાપ છે. જીવનના કોઈપણ ક્ષેત્રમાં, કોઈપણ સંબંધોમાં વિશ્વાસ એક મહત્ત્વની કડી છે. કુટુંબ, સમાજ, વ્યવસાય કે મિત્રાચારી, નિષ્ઠા, પ્રમાણિકતા વિશ્વાસ પર જ નિર્ભર છે. આ વિશ્વાસ જ્યારે ડહોળાય છે, તેનો વિચ્છેદ થાય છે ત્યારે કેટલાંયે નિર્દોષનો એ ભોગ લે છે. અને એ વિશ્વાસઘાતીને પણ અધઃપતનની ગર્તામાં ધકેલે છે.

બાળકો માબાપમાં વિશ્વાસ મૂકીને પોતાનું જીવન તેમના જ સહારે પસાર કરતાં હોય છે. પરંતુ એ માબાપો જ "વાડ થઈને ચીભડાં ગળવા" જેવું વર્તન કરતાં હોય તો, એ માબાપને પરમાત્મા માફ કરી શકે? પતિને જ પરમેશ્વર સમજતી પત્નીને પોતાના પતિમાં કેટલો બધો વિશ્વાસ હોય છે. પરંતુ એ પતિ જ જ્યારે પોતાની પત્નીને નર્કાગારની–વ્યભિચારની ખાઈમાં ધકેલવા પ્રયત્ન કરતો હોય તો એ પતિને એની પત્ની કે પરમાત્મા માફ કરી શકે? હરગીઝ નહિ. કોઈપણ વ્યક્તિને એકવખત વચન આપ્યા પછી, તેણે આપણામાં વિશ્વાસ મૂક્યા પછી, જીવનપર્યંત એ વિશ્વાસને ટકાવી રાખવો, આપેલા વચનનું અક્ષરશઃ પાલન કરવું, તે આ ણો પવિત્ર ધર્મ બની રહે છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં કોઈનો પણ વિશ્વાસઘાત કરવાનું કદી વિચારશો નહિ અને એવો આચાર–વિચાર કરતી બીજી વ્યક્તિઓને એ રસ્તેથી વાળવાનો પ્રયત્ન કરજો–તેના સહભાગી ક્યારેય ન બનતા.

જીવનમાં સુખશાંતિ પ્રાપ્ત કરવા માટે, ઈશ્વરના કૃપા ાત્ર બની તેની સમીપ જવા માટે ઉપર વર્ણવેલા નવ નિયમોને તમારા જીવનમાં વણી લેજો. સંત, સજ્જન બનવા માટે બીજી કોઈ લાયકાતની કે બાહ્યાવેશની જરૂર નહિ પડે. જીવન સુવાસમય બનશે અને પરમાત્માની સાથે તેમનો વૈભવ અનાયાસે જ આપને આવી મળશે.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

□

# જીવનનું અન્તિમ ધ્યેય-
# પરમ સત્ય તો પરમાત્માને પામવાનું છે!

મનુષ્ય પોતાનાં સંચિત્ કે પ્રારબ્ધ કર્મનાં સત્-અસત્ ફળ ભોગવવા માટે પૃથ્વી પર જન્મ લે છે. જીવનની વૃદ્ધાવસ્થા સુધી-જીવનની અંતિમ પળો સુધી-મૃત્યુપર્યન્ત એ પોતાનાં કર્મનાં સારાં-માઠાં ફળો ભોગવતો રહે છે. ક્યારેક મનુષ્ય ભરયુવાન વયે પણ મૃત્યુની ચિરનિદ્રામાં પોઢી જાય છે. કોઈ કોઈ માનવી સમસ્ત જીવન દરમ્યાન દુઃખો ભોગવતો રહે છે, અભાવો વેઠતો રહે છે. કયારેક જીવનના પાછલા સમયમાં જ દુઃખ આવે છે, તો કયારેક સુખ-દુઃખ, સમ-વિષમ પરિસ્થિતિઓ સમાંતર ચાલ્યા કરે છે. એ બધી જ કર્મની ગતિ છે ને ગહન છે. આપણાં પૂર્વનાં કર્મો વિશે આપણે કશું જ જાણતાં નથી. જન્મ અને મૃત્યુ વિશે આપણે તદ્દન અજ્ઞાત છીએ. તે આપણા આખરી ધ્યેયમાં અન્તરાયરૂપ ન નીવડે, એટલે કે ભરયુવાન વયે જ મૃત્યુને શરણે થવાનું આવે તો તે સમયે પણ ભક્તિનું ભાથું, ઈશ્વરની શરણાગતિનું બળ અને શ્રદ્ધાની સુવાસ આપણી સાથે હોવી જોઈએ. એટલે જ માનવી જન્મીને સમજણો થાય ત્યારથી જ એણે પ્રભુનું સ્મરણ કરવું જોઈએ. યુવાનીમાં યૌવનસહજ બધી જ શક્તિઓ-આવેશો-આવેગોને પ્રભુની શરણાગતિમાં સમર્પિત કરવા આવશ્યક છે.

સત્કર્મની વૃદ્ધિ માટે અને અસત કર્મોના નિવારણ માટે અને એ દ્વારા જીવનને સુખી, સમૃદ્ધ બનાવવા માટે પરમતત્ત્વની શરણાગતિ સ્વીકારીને એની અવિરત ઉપાસના કરવી આવશ્યક છે. આપણાં શાસ્ત્રોમાં, આપણા અનેક સિદ્ધપુરુષોએ પરમતત્ત્વની અવિરત ઉપાસનાનો આદેશ આપ્યો છે. કારણ કે યમનું તેડું ક્યારે આવશે, કાળ તમારો ક્યારે કોળિયો કરી જશે, મૃત્યુની ચિરનિદ્રામાં કયારે પોઢી જશો એની કોઈને ખબર નથી. શૈશવ અજાણતામાં ખેલકૂદમાં પૂરું થઈ જાય છે, પળભરમાં જાણે યૌવનને ઉંબરે આવી મનુષ્ય ઊભો રહી જાય છે. યૌવનની અલ્લડતા, વૃત્તિઓનો આવેગ, ભૌતિક સુખમાં રાચવાની મનોવૃત્તિ, યુવાનીમાં તો આનન્દ જ કરવો, યુવાની કેવળ ભોગો ભોગવવા માટે જ છે, યુવાનીમાં કેવળ ભૌતિક પ્રેમને જ સ્થાન હોય, ઈશ્વરીય પ્રેમનો ત્યાં પ્રાદુર્ભાવ ન હોય, ઈશ્વરીય પ્રેમની વાતો કરતાં, ઈશ્વરમાં અનુરાગ સેવતા કે આધ્યાત્મિકતાનો અભિગમ સેવતા યુવાનો વેવલા કે પછાત કહેવાય. એટલે સુખમાં રાચવાની યુવાનોની મનોવૃત્તિને અંકુશમાં લાવવાનો સમય પાકી ગયો છે. ભૌતિક સુખમાં રાચતી યુવાનોની મનોવૃત્તિને અંકુશિત કરી ઈશ્વર પ્રતિ વાળવાનું કાર્ય તો સન્તો જ કરી શકે. યુવાનોએ ભૌતિક સુખનો ત્યાગ કરવો ને કેવળ પ્રભુભજન જ કરવું એવું કહેવાનું તાત્પર્ય નથી. ભૌતિક સુખની પણ એક મર્યાદા હોવી જોઈએ. આપમેળે સ્વયંભૂ સ્વાભાવિક ને સહજ રીતે જેવું ને જેટલું સુખ મળે તેટલું ભોગવવું અને બાકીનું ન મળે, અપેક્ષા મુજબનું ન મળે, તો એનાથી નિરાશ થઈને જીવનને નીચ વૃત્તિઓ તરફ ધસડાવા દેવું ન જોઈએ. એ જ ખરા યૌવનની કસોટી છે. યુવાનીમાં યૌવનસહજ સુખ ન મળતાં વૃત્તિઓને મનુષ્યે સ્વયં સંયમિત બનાવીને કોઈક રચનાત્મક માર્ગે જીવનને વાળીને, ઈશ્વર પ્રતિ અનુરાગ કેળવી એના નામસ્મરણ, જપ, ભક્તિને જીવનનાં નિત્યકર્મોમાં વાળવામાં આવે તો યૌવનની શક્તિ મનુષ્યને પોતાને તો અનેક રીતે ઉપકારક ને શ્રેય-સાધક નીવડશે જ, સાથે સાથે સમાજ ને દેશમાં પણ રચનાત્મક કાર્યો કરી સમાજસુધારણા ને દેશ

[ આધ્યાત્મિક કેડી, જાન્યુઆરી, '૮૩

તેમ જ વિશ્વના ઉત્થાનમાં ઉપયોગી નીવડશે. દેશનો પ્રત્યેક યુવાન સંયમી ને સદાચારી બની પ્રભુ-પરાયણ બને તો દેશ અને વિશ્વનું ઉત્થાન હાથવેંતમાં જ છે.

જીવનનું અન્તિમ ધ્યેય – પરમ સત્ય તો પરમાત્માને પામવાનું છે. જીવનથી મૃત્યુ સુધીના સમયમાં મનુષ્યે વેઠવી પડતી અનેક પ્રકારની સફળતાઓ–નિષ્ફળતાઓ, ઉપર કહ્યું તેમ, મનુષ્યના પોતાના જ કર્મને આધીન છે. પરમાત્માને ત્યાંથી આવેલો મનુષ્ય ફરી પાછો પરમાત્માને ત્યાં જ જવાનો છે. એ આવા-ગમનના સમયમાં–જીવનથી મૃત્યુ સુધીના સમયમાં–પરમાત્માને ભજવા, એને યાદ કરવા એ પ્રત્યેક મનુષ્યની પવિત્ર–નૈતિક ફરજ છે. એટલે જીવનની વિફળતાઓથી હતાશ થઈ, હારી જઈ, જીવનને નિમ્ન સ્તરે ધસડાવા દેવું ન જોઈએ. હીન વૃત્તિઓને મન પર સવાર ન થવા દેવી જોઈએ, કે હીન વૃત્તિઓમાં મનને ધસડાવા ન દેવું જોઈએ. જીવનમાં નિષ્ફળ નીવડેલો મનુષ્ય અસત્–અનૈતિક માર્ગે જઈ પોતે જ પોતાના જીવનને વિનાશને માર્ગે ધસડી જાય એ બરાબર નથી. નિષ્ફળતાથી લદાયેલા મનુષ્યને-ખાસ કરીને યુવાનીમાં–મનુષ્યને જીવન નિરર્થક–નીરસ લાગે એ સ્વાભાવિક છે. પણ પ્રત્યેક મનુષ્યે–પ્રત્યેક યુવાનોએ યાદ રાખવું જોઈએ કે જીવનના આવિષ્કાર માટે ઘણા બધા માર્ગો છે. એક નહિ તો બીજો, બીજો નહિ તો ત્રીજો, એમ તમારા પોતાના રસ–રુચિ અનુસાર પોતાના માર્ગો નક્કી કરવાની–સ્વીકારવાની તત્પરતા ને પુરુષાર્થ હશે ને સાથે ઈશ્વરમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ હશે, પરમાત્માની શરણાગતિ સ્વીકારી હશે તો જીવનમાં કોઈ કાર્ય અશક્ય ને અસંભવ નથી. એટલું જ નહિ, અશક્ય ને અસંભવને પણ શક્ય ને સંભવિત બનાવવાની શક્તિ તમારામાં હશે એટલું નિશ્ચિત જાણજો.

અત્રે પ્રસ્તુત કરેલો પ્રસંગ પ્રત્યેક મનુષ્યને, ખાસ કરીને યુવાનોને વધુ પ્રેરણાદાયક નીવડશે એવી શ્રદ્ધા છે.

**નવસારીના શ્રી ઉમેશ મહેતા લખે છે :**

'આજે જ્યારે રોજબરોજ અનેક યુવાન ભાઈબહેનો નિરાશાથી કંટાળી મહામૂલું મનુષ્યજીવન ટૂંકાવી આપઘાત તરફ તરફ વળે છે, તેને બદલે પરમતત્ત્વ તરફ વળે એટલું જ છે.

હાલ મારી ઉંમર ૩૨ વર્ષની છે, પણ જ્યારે મેં કૅાલેજનો અભ્યાસ પૂર્ણ કર્યો ત્યારબાદ દરેક યુવાનના જીવનમાં બનતું હોય છે એમ મારા જીવનમાં પણ 'પ્રણય' અને 'નોકરી'ની બાબતમાં આઘાતો આવ્યા. પરિણામે ખૂબ હતાશા આવી ગઈ. જીવનમાં કાંઈ જ જીવવા જેવું નથી એમ લાગવા માંડયું. જીવન 'એકાકી' બની ગયું. સમાજમાં બધા તરફ નફરત થતી ગઈ. નાટક–સિનેમાનો રસ વધતો ગયો. આમ ને આમ પાંચ-છ વર્ષ નીકળી ગયાં. દરમ્યાન નિરાશા–હતાશા વધતી ગઈ. પ્રશ્ન ખૂબ જ ગૂંચવાયો. લગ્ન બાબતમાં જ્યાં ઇચ્છા હોય, ત્યાંથી કાંઈ ને કાંઈ વાંધો જ આવે અને જ્યાં ઇચ્છા ન હોય ત્યાંથી રોજ દબાણ આવે. આખરે ખૂબ જ કંટાળ્યો અને એકાએક કોણ જાણે કેમ, 'અગોચર મનની અજાયબી' મારફત પૂ. પ્રાતઃસ્મરણીય શાસ્ત્રીજી તરફ આકર્ષણ થયું. એમને મળ્યો. મુશ્કેલી રજૂ કરી. એમણે મને ગાયત્રી–મંત્રની અમુક માળા કરવાનું કહ્યું. અને માથે ખૂબ જ પ્રેમાળ હાથ મૂક્યો અને બસ, એ જ દિવસથી કોઈ નવો જન્મ થતો અનુભવ્યો. નિરાશા ધીમે ધીમે દૂર થવા માંડી. ગાયત્રી–મંત્ર મારે માટે બોલવો મુશ્કેલ હતો તે સહજ થઈ ગયો. સિનેમાનો રસ ઘટતો ગયો, સત્સંગનો રસ વધતો ગયો. સિનેમાના કલાકારોને મળવાનો જે રસ હતો એને બદલે સંતોનાં દર્શન કરવા તરફ વૃત્તિ થવા લાગી સંતજનોનાં દર્શનનો લાભ મળવા લાગ્યો. એમની અમૃતવાણી સાંભળવાનો પણ લાભ મળવા લાગ્યો. મારા પગ થિયેટરો તરફ જતા હતા એને બદલે 'મંદિરો' તરફ જવા લાગ્યા. વ્યસનો ઘટવા લાગ્યાં. ઈંડા ખાવાનો શોખ હતો તે સદંતર બંધ થયો. ફિલ્મ મેગેઝિન અને હલકાં

પ્રકારનાં મેગેઝીન વાંચવાનાં બંધ થયાં અને ધાર્મિક પુસ્તકો તેમ જ સન્તોનાં ચરિત્રો વાંચવામાં આનન્દ આવવા લાગ્યો. દરેક પ્રત્યે પ્રેમ જાગવા લાગ્યો. કોઈ પ્રત્યે નફરત ન રહી. આનન્દ અન્દરથી જ મળવા લાગ્યો.

મને લાગે છે કે આ વાંચવાથી અનેક યુવાન-યુવતીને અવશ્ય લાભ થશે. નિરાશામાં ડૂબેલા દરેક યુવાન ભાઈ-બહેનોને મારી નમ્ર વિનંતી છે કે કોઈપણ પ્રકારનું અવિચારી પગલું ભરતાં પહેલાં પૂ. શાસ્ત્રીજી કે જેઓ સ્વયં 'મા' સ્વરૂપ જ છે એમને મળે, એમના કહેવા મુજબ માળા કરે. પછી જુએ કે જીવન કેવું મધુર લાગે છે! પરિણામ આપણા ધાર્યા મુજબ આવે કે ન આવે, તો પણ જે બનશે તે આપણા હિતમાં જ હશે. એ એક સત્ય હકીકત છે. જીવનનું ધ્યેય માત્ર પરણવું, નોકરી કરવી, બાળકો ઉત્પન્ન કરવાં એટલું જ નથી, પણ એથી આગળ વધી પરમતત્ત્વને પામવું અથવા એ માટેના પ્રયત્નો કરવા એ છે. કારણ કે બાળકો ઉત્પન્ન કરવા સુધીનું તો પશુઓ પણ કરતાં હોય છે. આનન્દ આપણી અંદર જ ભર્યો છે, પણ આપણે એને બાહ્ય પદાર્થોમાં શોધીએ છીએ. અને પછી જ્યારે એ પ્રાપ્ત ન થાય ત્યારે 'હતાશ' થઈ જઈએ છીએ. ટૂંકમાં, યુવાન ભાઈ-બહેનોને નમ્ર વિનંતી કે તેઓમાં ભલે કરોડો અવગુણો હોય, વ્યસનોથી ઘેરાયેલા હોય, તો પણ એકવાર પૂ. શાસ્ત્રીજીને મળે. તેઓ તો આપણા અવગુણોને ભૂલી એક બાળક સમજી પોતે 'મા' બની કોઈપણ જાતના પોતાના સ્વાર્થ વગર આપણને સ્વીકારી લેશે. તેમનો તેજસ્વી, સદા હસતો અને મધુર ચહેરો જોઈને જ તમારું અડધું દુઃખ દૂર થઈ જશે. તેઓ ખૂબ જ ઓછું બોલી ઘણું કહી દેશે. તેમના એક જ શબ્દમાં કરોડો શબ્દોની તાકાત છે. માટે જે તેઓ ટૂંકમાં કહે તેને આખરી સમજી તેમના કહ્યાને વળગી રહેજો. બાકીનું કામ મા સ્વયં કરશે.


અન્તે જગન્માતાને પ્રાર્થના કે હે મા, હું કોઈ યોગી નથી, જ્ઞાની નથી કે નથી ભક્ત. હું તો તારો બાળક છું. મા, મારે સાધક બનવું નથી. કોઈ ધર્મગુરુ બનવું નથી, નથી ભક્ત બનવું. હું તો તારો બાળક બનું એટલી જ મારી ઇચ્છા છે, મારામાં હજી જે અનેક અવગુણો છે એને દૂર કરો. તમારી 'મહામાયા'થી બચાવો. અને જગતની 'સ્ત્રી' માત્રમાં તારું જ સ્વરૂપ દેખાય એવી કૃપા કરો.'

આવા સમયમાં જ માનવીના આન્તરસામર્થ્યની, યૌવન સહજ જોમ-જુસ્સાની-શક્તિની, ઇષ્ટની, શ્રદ્ધાની, શરણાગતિની, ધૈર્યની તેમ જ સહનશક્તિની કસોટી થાય છે, એનો પરિચય થાય છે, કારણ કે સ્વાભાવિક રીતે જ જીવનસાથીની સ્વૈચ્છિક પસંદગીમાં, પ્રણયમાં આવતા અવરોધો, એમાંથી સર્જાતા વિચ્છેદોને કારણે યૌવનસહજ સ્વપ્નોમાં રાચતા મન પર એટલો જબરજસ્ત આઘાત આવે છે કે એ આઘાતને કારણે એના જીવનનો સર્વનાશ થઈ જાય છે. માનસિક સમતુલા-સ્વસ્થતા ગુમાવી બેસે છે. એના વ્યક્તિત્વમાં-વર્તનમાં-વલણમાં ઘણી બધી અસંગતતાઓ-અળવીતરાઈઓ, અસંબદ્ધતાઓ આવી જાય છે-આવવાની સંભાવના રહે છે. કેટલાક આત્મહત્યાને માર્ગે વળે છે, તો કેટલાક અનીતિને માર્ગે ચડી જાય છે, પણ જે ભાઈ કે બહેન, જીવનને ગ્રસી જવા-જીવનનો કોળિયો કરી જવા માટે આવા જે અન્તરાયો-વિચ્છેદો સામે આવીને ઊભા રહે તેની સામે હિમ્મતપૂર્વક, પરમતત્ત્વ-ઇષ્ટની શરણાગતિને અત્યંત બળવાન બનાવી શ્રદ્ધાને, લેશમાત્ર હચમચવા દીધા વિના મક્કમતાથી, બને તેટલા બળથી એનો સામનો કરવા તત્પર બને છે, ટક્કર ઝીલે છે તે ભાઈ કે બહેન જીવનની એક નૂતન કેડી કંડારી શકશે. જીવનની એક નવી દિશા સ્વયં મેળવી શકશે. જીવનમાં વેરાયેલા એ સર્વનાશમાંથી નૂતન જીવનનું સર્જન કરી શકશે. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ હશે ત્યારે જ આવી સહનશક્તિ અસ્તિત્વમાં પ્રગટશે. ત્યારે જ વ્યક્તિત્વમાં અસંબદ્ધતાઓ-અળવીતરાઈઓ આવવાને બદલે સૌમ્ય અને તેજસ્વી

વ્યક્તિત્વ ખીલી ઊઠશે. જીવનની આ અને આવી બીજી અનેક પ્રતિકૂળતાઓના સમયે માનવીએ-ઉપાસકે ઇષ્ટમાંની શ્રદ્ધા અને શરણાગતિને અત્યંત પ્રબળ બનાવવાં આવશ્યક છે. કારણ કે નિરાશા-હતાશાઓને કારણે માનવી એવો ઝાંખો થઈ જાય છે, નિરાશાને કારણે વ્યક્તિત્વમાં-એના વલણ-વર્તનમાં એવી નિર્બળતા-નિર્માલ્યપણું આવી જાય છે કે કુટુંબ, સગાંસંબંધી, મિત્રો અને આસપાસના સમગ્ર વાતાવરણમાં, સમસ્ત સમાજમાં તે કંઈક હાંસીપાત્ર કે ઉપેક્ષિત નીવડે છે. એવું ન બને તે જોવાનું છે. ઇષ્ટનું નિરંતર આરાધન હશે તો પ્રત્યેક માનવી કે ઉપાસક આવી નિર્બળતાથી વેગળો રહી શકશે તે નિઃશંક છે. વળી, આવી પ્રતિકૂળતાના સમયમાં આ દુનિયાનો એક તરીકો ચાલતો આવ્યો છે કે ભાગ્યે જ તમને કોઈ સહાયરૂપ નીવડશે કે તમારી પડખે ઊભું રહેશે. અને કોઈ ધારો કે સહાયરૂપ નીવડે કે તમારી પડખે-તમારી સાથે ઊભા રહે, તો ય આખરે તો તમારે વ્યક્તિગત રીતે તમારી પ્રતિકૂળતાઓનો સામનો કરવાનો છે, સહન કરવાનું છે. એટલે એ સહનશક્તિ તમારા આંતર અસ્તિત્વ-માંથી પ્રગટ થવી જોઈએ, તો જ તમે એકલા રહીને પણ તમારી પ્રતિકૂળતાઓની સામે ઝઝૂમી શકશો. અને એટલે જ ઇષ્ટમાંની શ્રદ્ધાને ચલિત થવા દેવાની નથી કે શરણાગતિને ઝાંખી પડવા દેવાની નથી.

પારસમણિના સ્પર્શે જેમ લોઢું સુવર્ણ બને છે તેમ સન્તનો સહવાસ-સાન્નિધ્ય, તેમનું માર્ગદર્શન, તેમની છત્રછાયા તમારા જીવનને એક અનેરી ગતિ અર્પી રહેશે. ઇષ્ટની નિરંતર આરાધના ફળવતી બને ત્યારે જ જીવનમાં કોઈક આવા શાસ્ત્રીજી જેવા સાચા સન્તનો ભેટો થઈ જાય છે અને તેમના આવા વિરલ કાર્યયજ્ઞ દ્વારા, તેમના માર્ગદર્શનથી, તેમના સાન્નિધ્યથી, તેમની છત્રછાયા પામીને જીવનની આવી પ્રતિકૂળતાઓની વચ્ચે પણ વ્યક્તિ એક નવો જ અભિગમ અપનાવતી રહે છે. પોતાની સર્વ વૃત્તિઓને ઈશ્વરમાં કેન્દ્રિત કરી દેવાથી, એક અભૂતપૂર્વ સામર્થ્ય તમારા અસ્તિત્વમાંથી પ્રગટશે, એક નૂતન શક્તિનો સંચાર થતો અનુભવી શકશો. કોઈક અગોચર-અદૃષ્ટ શક્તિ તમને આગળ ધકેલી રહી છે, તમને બળ અર્પી રહી છે, અથવા તમારી આસપાસ એક નિર્ભયતાનું-સલામતીનું કવચ રચી રહી છે એવો અનુભવ કરી શકશો. તમારા આખા ય અસ્તિત્વમાંથી અદ્‌ભુત એવો આત્મસંયમ પ્રગટતો અનુભવી શકશો. આ ભૌતિક જગતના સુખની ક્ષુલ્લકતાનો અનુભવ કરાવી, તમારા હૃદયમાં નિર્લેપતાનો, વિરતિનો, વૈરાગ્યનો અનુભવ કરાવશે અને શાશ્વતમાં-પરમતત્ત્વમાં અનુરાગી બનાવશે. જીવનના આઘાતો-માંથી રાહત અપાવી, માનસિક શાંતિ અપાવી, જીવનની લૌકિકતાઓની તુચ્છતા, ક્ષુલ્લકતા, નિસ્સારતાનું ભાન કરાવી પરમતત્ત્વમાં વધુ ને વધુ ઊંડા ઊતરવાનો ભાવ હૃદયમાંથી જન્માવશે. અને ત્યાર પછીની ભક્તિમાં, તમારી આધ્યાત્મિકતામાં એક નવો જુવાળ આવશે. નવી શ્રદ્ધા અને નવી શરણાગતિનાં અંકુરો ફૂટશે, જે તમને જીવનમાં અણધારી, અકલ્પ્ય એવી સફળતાઓ અપાવશે અને આધ્યાત્મિક સુખના અધિકારી બનાવશે. અને એમ કરતાં જ કદાચ કોઈ નસીબવંતો ઉપાસક સાક્ષાત્કાર સુધીયે પહોંચી જાય તો નવાઈ નહિ. □

---

'ગુરુકૃપા હિ કેવલમ્'

મીના ટ્રેડર્સ

"ભગવતી"

□

ઉદવાડા-Rs. ૩૯૬૧૮૫

જાન્યુઆરી ૧૯-૮૩.

# જ્ઞાનગોષ્ઠિ

**સવાલ :** ગુરુજી, ધર્મ અને સંપ્રદાયમાં શું તફાવત છે? વૈષ્ણવ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, મુસ્લિમ ધર્મ, સ્વામીનારાયણ, બુદ્ધ, પારસી, શીખ વગેરે જુદા જુદા ધર્મો છે. અને દરેક ધર્મગુરુ પોતાના જ ધર્મના ગુણાનુવાદ કરી પોતાનો જ ધર્મ શ્રેષ્ઠ છે તેમ સમજાવે છે. વળી અન્ય ધર્મ તરફ રુચિ દાખવીએ કે અપનાવીએ તો અન્યાશ્રય થયો કહેવાય તેમ જણાવે છે. આવી પરિસ્થિતિમાં અમારે ગાયત્રી મંત્ર કેવી રીતે કરવો ?

**જવાબ :** આપનો સવાલ ખરેખર આવકારદાયક છે. આપની મૂઝંવણ એ સહુની મૂંઝવણ છે. પહેલાં તો હું એ સ્પષ્ટતા કરું કે ગાયત્રી મંત્ર એ કોઈ ધર્મ કે સંપ્રદાયનો મંત્ર નથી, એ એક આદિ મહામંત્ર છે. સૃષ્ટિની ઉત્પત્તિ વખતે બ્રહ્માના સ્વમુખે ઉચ્ચારાયેલ પ્રથમ અક્ષર 'ૐ' જે દુનિયાની બધી જ આલ્ફાબેટ્સ, કક્કો-બારાખડી, એ.બી.સી.ડી.નું મૂળ છે તેવા 'ૐ'માંથી બનાવેલ શબ્દોની એવા પ્રકારની ગૂંથણી કરવામાં આવેલી છે કે તેના પ્રત્યેક શબ્દનો-અક્ષરનો એક આગવો અર્થ છે. તેના પ્રત્યેક અક્ષરમાંથી ઉત્પન્ન થતાં ધ્વનિ-આંદોલનો એક પ્રકારની સાત્ત્વિક સંરક્ષણાત્મક શક્તિ બાહ્ય અને આંતરિક વાતાવરણમાં ઉત્પન્ન કરે છે. આખા મંત્રનો ભાવાર્થ પરમાત્માની પ્રાર્થના બની જાય છે-પરમાત્માનું જ્ઞાન આપણી બુદ્ધિમાં સ્થિર થવા માટેની એક નમ્ર પ્રાર્થના આખા મંત્રનો ભાવાર્થ છે.

ગાયત્રી મંત્ર એ સૃષ્ટિનું ધારક અને પ્રેરક બળ છે. તે એક શક્તિનો સંચય--જનરેટર છે, કે જેમાંથી શક્તિનો સ્રોત સતત વહ્યા જ કરે છે. પ્રાકૃતિક અને અપ્રાકૃતિક - નિર્જીવ અને સજીવ સૃષ્ટિ બંનેને શક્તિની જરૂર તો રહે જ છે. ગાયત્રી મંત્ર સમગ્ર સૃષ્ટિનું ચાલકબળ છે. એટલે જેને જીવન ટકાવી રાખવાની જરૂર છે, જેણે જીવનને સત્ય માર્ગે દોરવું છે, તેણે ગાયત્રી મંત્રજપ કરવા જરૂરી છે.

ધર્મ અને સંપ્રદાય એ બંને ભિન્ન વસ્તુ છે. ધર્મ એટલે ધારણ કરવું. જેના વડે આખું વિશ્વ ધારણ થયેલું છે, આકાશ, પૃથ્વી, નક્ષત્રો, ગ્રહો વગેરે. જીવન અને જગતની કોઈપણ ક્રિયામાં તેનો ધર્મ-નિયમ છુપાયેલો છે. જગતની કોઈપણ ક્રિયા નિયમથી પ્રતિકૂળ રીતે થતી નથી. આ નિયમ-ધોરણ તે જ ધર્મ. આ નિયમને બુદ્ધિપૂર્વક ચલાવનાર ચેતનશક્તિ તે જ પરમાત્મા-પરમશક્તિ. સત્યને ઓળખવું, સત્યનું આચરણ કરવું તે જ ધર્મ.

પરમતત્ત્વને ઓળખવું તે મુખ્ય ધર્મ છે. સંપ્રદાય એ ધર્મ તરફ દોરી જનાર, ધર્મને ચીંધનારો રસ્તો-કેડી છે. સંપ્રદાય એ ધર્મ તરફ લઈ જનાર એક સાધન-માધ્યમ છે. સંપ્રદાયને ધર્મ કહી શકાય નહિ.

અહીં 'નિલોષા' પર આવવા માટે દરેક વ્યક્તિ પોતાને અનુકૂળ રસ્તો અપનાવે, પરંતુ દરેકનું ધ્યેય 'નિલોષા' પર પહોંચવાનું છે. એવી જ રીતે ધર્મ તરફ જવાના, પરમાત્માને પામવાના રસ્તા અનેક છે. જેને જે રુચે, તે રસ્તે જવા માટે જેને જે સાથ, માર્ગદર્શન મળે તે તેઓ ગ્રહણ કરે છે. પરંતુ એ મંઝિલ કાપીને પહોંચવાનું તો છે પરમાત્મા પાસે.

અત્યારે જિજ્ઞાસુઓ બધા રસ્તાઓમાં–સંપ્રદાયોમાં અટવાઈ ગયા છે અને આ બધા સાર્વજનિક રસ્તાઓને પોતીકી મૂડી જેવા બનાવી દેવામાં આવ્યા છે, એ રસ્તાઓને આજીવિકાનું એક સાધન બનાવી દેવામાં આવ્યું છે.

આ બધા સંપ્રદાયોએ ધર્મના નામે સમાજના, પૃથ્વીના નાના નાના ટુકડા કરી નાખ્યા છે. સમાજના જ્યારે ભાગલા પડે ત્યારે સંઘર્ષો શરૂ થાય. બ્રહ્માએ ઉત્પન્ન કરેલી સમસ્ત સૃષ્ટિનો ધર્મ એક જ છે. પરંતુ આ સંપ્રદાયોએ આ સૃષ્ટિના ભાગલા પાડી તેને વિવિધ સમાજ અને રાષ્ટ્રમાં છિન્નભિન્ન કરી નાખી છે. ધર્મને નામે ખેલાયેલાં ખૂનખાર યુદ્ધોનો ઇતિહાસ આની સાક્ષી પૂરે છે.

આપણો ધર્મ એક જ છે અને તે આત્માને અને પરમાત્માને ઓળખવાનો અને પામવાનો છે. અને તેને માટે નિયમોનું પાલન કરવું, નૈતિક જીવન જીવવું, તે ધર્મ તરફ પ્રયાણ કરવાનો સહેલો સીધો માર્ગ છે.

પરમાત્મા એક જ છે અને તેને પામવો તે ધર્મ છે. પરંતુ તેને પામવાના રસ્તા અનેક છે, જેને આપણે સંપ્રદાયો કહીએ છીએ. દરેક સંપ્રદાયનું લક્ષ્ય તો કેવળ પરમતત્ત્વને પામવાનું જ છે. એટલે આપણે રસ્તા સાથે સંબંધ ન રાખીએ, આપણા લક્ષ્ય તરફ જ જો ધ્યાન રાખીએ–લક્ષ્ય સાથે જ સંબંધ રાખીએ તો રસ્તામાં અટવાઈ જઈશું નહિ. આપણો સંબંધ સત્ય સાથે છે, પરમાત્મા સાથે છે, નહિ કે રસ્તા સાથે.

આ સત્યમાં–ધર્મમાં પરમાત્મા અનેક નામે રહેલાં છે. પરમાત્માને પામવાનું આ સત્ય કોઈપણ ધર્મગુરુના મુખેથી પ્રસારિત થતું હોય, કોઈપણ ધર્મગુરુ આપણને અંગુલિનિર્દેશ કરી રસ્તો ચીંધે. મહાવીર પ્રભુ, જીસસ ક્રાઈસ્ટ, બુદ્ધ, સહજાનંદ સ્વામી, રામકૃષ્ણ પરમહંસ, મહંમદ પયગંબર કે કોઈપણ સંત મહાપુરુષ હોય, તેઓને જે રસ્તે પરમતત્ત્વનું દર્શન થયું તે રસ્તો આપણને ચીંધે અને એ રસ્તે ચાલવાના નીતિનિયમો આપણને સૂચવે પરંતુ આપણને આખરી સંબંધ સત્ય સાથે, પરમતત્ત્વને પામવા સાથે છે. તેના રસ્તા સાથે નથી; આ સમજવું જરૂરી છે.

અત્યારે આપણે ફક્ત નામો અને રસ્તાઓને જ વળગી રહ્યાં છીએ, લડતા રહ્યા છીએ અને દરેક રસ્તાનું–સંપ્રદાયનું આખરી સત્ય વિસરી ગયાં છીએ.

સુવર્ણરત્નજડિત કુંભમાં ભરેલા અમૃતમાંથી આપણને અમૃતની જ જરૂર છે. મૂલ્યવાન સુંદર કુંભનો કોઈ જ અર્થ નથી, જો તેમાં રહેલું અમૃત આપણે ન મેળવી શકીએ તો! અત્યારે આપણે અમૃત માટે નહિ, પણ કુંભ માટે ખેંચાખેંચી કરી રહ્યા છીએ.

મારા મતે તો પરમાત્માને પામવા માટેના મુખ્ય ત્રણ રસ્તા છે–સંપ્રદાય છે: કર્મમાર્ગ, ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ. આ ત્રણમાંથી કોઈપણ રસ્તો અપનાવનાર વ્યક્તિએ સાત્વિક જીવન જીવવાનો આગ્રહ રાખવો, જીવનમાં નીતિમત્તાનું ધોરણ જાળવવું, નૈતિક જીવન જીવવું, સંસારના, સમાજના અને રાષ્ટ્રના નિયમોનું પાલન કરવું.

કર્મમાર્ગ, ભક્તિમાર્ગ કે જ્ઞાનમાર્ગ પર ચાલનાર વ્યક્તિમાં જો દંભ વધી જાય, હુંપણાનો ભાવ પ્રગટે ત્યારે તેમાં સ્વાર્થ ભળે અને સંકુચિતતા અને અપવિત્રતાનો પ્રવેશ થાય. અહમ્ સંતોષવા માટે અનેક રસ્તાઓ–સંપ્રદાયો અને તેના પર ચાલવાના નિયમો બનાવવામાં આવે છે. આમ છેવટે સંપ્રદાય અને એને ચીંધનારને જ ભગવાન–પરમાત્મા માની લેવાય છે. જે સંપ્રદાય–રસ્તામાં માનનારા અનુયાયીઓ વધારે તેટલી તેની સદ્ધરતા વધારે. આમાંથી ધર્માંધતા વધે છે.

આજે દુનિયામાં રાષ્ટ્રને નામે, પંથને નામે, ધર્મને નામે, ગુરુને નામે, ભાષાઓને નામે આપણે ઝઘડતા રહ્યાં છીએ કારણ કે મૂળ વસ્તુ વિસરાઈ ગઈ છે.

"આકાશત્ પતિતં તોયમ્ યથા ગચ્છતિ સાગરમ્ ।
સર્વ દેવઃ નમસ્કારઃ કેશવમ્ પ્રતિગચ્છતિ ॥"

"આકાશમાંથી વરસાદરૂપે પડેલું પાણી એકત્ર થઈને જેવી રીતે સાગરમાં જાય છે તેવી રીતે સર્વદેવોને કરેલા નમસ્કાર કેવળ કેશવ તરફ જ—એક જ ઈશ્વર તરફ જાય છે." તેવી જ રીતે વ્યક્તિ ગમે તે સંપ્રદાય પર ચાલતી હોય પરંતુ આવશ્યકતા છે તેની શુદ્ધિની, સાત્વિકતાની. કોઈપણ સંપ્રદાયનું આખરી લક્ષ્ય પરમાત્માને પામવાનું છે એટલે કોઈ રસ્તો કે કોઈ સંપ્રદાય ખોટો નથી, ખરાબ નથી. ખરાબ છે માનવીનું મન! બુદ્ધિ! એટલે સુધારવાની જરૂર છે માનવીનાં મન અને બુદ્ધિ.

□

---


મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત.

NARENDRA
PROCESSING
INDUSTRIES


Tele. : Factory : 34066, 34067 * Resi. : C/o 24889

□

3-1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,
SURAT - 395 002


---

# પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં .......



[લીમડાના ઝાડ નીચે બાંધેલ વાંસની કુટીરમાં હિંચકા પર ઢળતી સાંજના આરામની પળોમાં બિરાજેલા પૂ. ગુરુદેવ કોઈ દેવર્ષિ સમા શોભી ઊઠે છે. કુટીરનું વાતાવરણ અતિ સ્વર્ગીય અને સુવાસમય લાગે છે. સાંજે ૭-૮ વાગ્યા દરમિયાન દેવર્ષિના દર્શન કરવા–આશીર્વાદ મેળવવા અને સ્વર્ગીય વાતાવરણનો આસ્વાદ માણવા ઉપાસકો પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં આવે છે.

પૂજ્યશ્રીનું સાન્નિધ્ય અતિ આત્મીય અને વાત્સલ્યસભર લાગે છે. પૂજ્યશ્રીની પ્રેમાળ દૃષ્ટિથી માનવીની શ્રદ્ધા ને શરણાગતિ વધુ ને વધુ પ્રબળ બનતાં જાય છે ને માનવી ઇષ્ટની ઉપાસનામાં-ભક્તિમાં વધુ ને વધુ લીન બનતો જાય છે.

પૂજ્યશ્રીના આશીર્વાદ મેળવવા, કૃપાદૃષ્ટિ પામવા, આભારની લાગણી વ્યક્ત કરવા ઉપાસકો રુબરુ આવે છે અથવા તો પત્ર પાઠવે છે. આવા કેટલાક પ્રેરણાપ્રદ પ્રસંગો અત્રે પ્રસ્તુત કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે. આશા છે વાચકોને-ઉપાસકોને તેમાંથી પ્રેરણા લાધશે, માર્ગદર્શન મળશે. —સમ્પાદક]

: ૧ :

ઑગષ્ટ ૧૯૮૨ દરમિયાન અમારો ઇંગ્લેન્ડનો પ્રોગ્રામ હતો. લેસ્ટરમાં પૂ.શ્રીના વ્યક્તિગત મુલાકાતના પ્રોગ્રામ દરમિયાન સવિતાબેન જોષી અને તેમના પતિ અતિ આનંદમાં રૂમમાં પ્રવેશ્યા અને અહોભાવની લાગણી વ્યક્ત કરતાં હર્ષાશ્રુ વહાવતાં તેમને થયેલ અનુભવની વાત તેમણે નીચે પ્રમાણે જણાવી :

૧૯૮૧માં જુલાઈની અમારી ઇંગ્લેન્ડની મુલાકાત દરમિયાન તેઓ પૂજ્યશ્રીની મુલાકાત માટે આવ્યાં ત્યારે સવિતાબેનને ૩–૪ વર્ષથી બંને આંખે દેખાતું નહતું અને આંખમાં પાણી આવ્યા કરતું હતું. હાથ પકડીને તેમને દોરવવાં પડતાં હતાં. ત્યાંના ડૉકટરોનો અભિપ્રાય હતો કે પરિસ્થિતિ સુધરે એમ લાગતું નથી. આંખમાં દવા નાખવાની કાયમ ચાલુ રાખવી. રોશની વગરની જિંદગી એ દેશમાં અસહ્ય થઈ પડે છે.

તેમના પતિશ્રીને આર્થિક અને સામાજિક મુશ્કેલી હતી. રહેવા માટે કાઉન્સિલનું મકાન મળવાની કોઈ જ શકયતા ન જણાતાં તેઓ વધુ મૂંઝાયેલા હતાં.

પૂજ્ય ગુરુદેવે સવિતાબેનને જીવનજળ અને અન્ય સૂચન કર્યું અને જોષીભાઈને આશીર્વાદ આપી 'હું પ્રયત્ન કરીશ" તેમ જણાવી ગાયત્રી મંત્રની ૩ માળા કરવા જણાવ્યું.

એક વર્ષના સમય દરમિયાન તેમની અડગ શ્રદ્ધા અને શરણાગતિથી અને પૂજ્યશ્રીના માર્ગદર્શન પ્રમાણે જીવનજળ વગેરે ચાલુ રાખવાથી સવિતાબેનની બંને આંખે સારું થઈ ગયું, રોશની પાછી આવી ગઈ. આંખમાં પાણી આવતાં બંધ થઈ ગયાં. ડૉકટરોને પણ આ કેસમાં બહુ આશ્ચર્ય લાગ્યું.

જોષીભાઈને કાઉન્સિલનું મકાન મળવાની કોઈ જ શકયતા ન હતી પરંતુ પૂ. ગુરુદેવને મળ્યા પછી બે મહિને કાઉન્સિલમાંથી અણધાર્યો કાગળ આવ્યો કે તમને પાંચ બેડરૂમનું મકાન આપવામાં આવે છે. એરિયા પણ તેમને અનુકૂળ પડે તેવો હતો. કાગળ મળતાં જ તેઓ ખુશ થઈ ગયાં હતાં. હાલમાં તેઓ કાઉન્સિલના મકાનમાં જ રહે છે.

ઉભય પતિપત્ની આનંદવિભોર થઈ પૂજ્યશ્રીને મનોમન વંદી રહ્યાં હતાં.

: ૨ :

અનન્ય શ્રદ્ધા ઇચ્છિત ધ્યેય હાંસલ કરાવે છે. કડાણા કૉલોનીથી એક ઉપાસક ભાઈનો પત્ર છે. તેઓ લખે છે......

"કડાણા કૉલોનીમાં હું જે કવાર્ટર્સમાં રહું છું ત્યાં પુષ્કળ કીડીઓ ઉભરાય છે. હું જે સ્થાને બેસીને માળા કરું છું ત્યાં પણ પુષ્કળ કીડીઓ ઉભરાય છે અને મને માળા કરવામાં ખલેલ પહોંચાડે છે. નવરાત્રી દરમ્યાન અનુષ્ઠાન કરવાનો વિચાર કર્યો. પરંતુ કીડીઓ ચટકા મારે તેથી ધ્યાન કેન્દ્રિત થાય નહિ. તેથી એક દિવસ સવારે માળા કરતાં પહેલાં મેં કીડીઓને વિનંતી કરી "કીડીબેન, શા માટે મને હેરાન કરો છો ! અને મારી પાસે જીવહિંસા કરાવો છો ? તમે અહીંથી જતા રહો નહિતર તમને મારા ગુરુદેવની આણ છે." એટલું કહી મેં માળા શરૂ કરી. કીડીઓ ગાયબ થઈ ગઈ અને હું માળા શાન્તિથી કરી શકયો.

[ આધ્યાત્મિક કેડી, જાન્યુઆરી, '૮૩

પૂ. ગુરુદેવ, આપે કીડી જેવા નાના જંતુને પણ સમજ આપી અને મને નિર્વિઘ્ને માળા કરવા દીધી. હર્ષાશ્રુ વહાવતો હું આપને મનોમન વંદી રહ્યો. જય ગુરુદેવ.

આપનો બાળક
**એન. એમ. પટેલ**

: ૩ :

મુંબઈથી શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી જણાવે છે કે આસો નવરાત્રિમાં તેઓએ પૂજ્ય ગુરુદેવના આશીર્વાદથી અનુષ્ઠાન આદર્યું હતું. દરરોજ માળા કરતાં આનંદ આવતો હતો અને માનસિક શાંતિનો અનુભવ થતો હતો.

અનુષ્ઠાનના છેલ્લા દિવસે પૂજારૂમમાં માતાજીના કાચથી મઢાવેલા ફોટામાં, માતાજીના મુકુટમાંથી સોનેરી પ્રવાહીનો અભિષેક થવા લાગ્યો. જાણે કે શિવની જટામાંથી ગંગાની ધારા થતી હોય તેમ! આ અભિષેક માના કમળના આસન પાસે એકત્ર થતો હતો.

હજુ પણ અભિષેકનાં નિશાન જેવાં ને તેવાં જ છે અને પ્રકાશિત લાગે છે.

□

## સમાચાર

**આણંદમાં ભક્તિગત મુલાકાતનો કાર્યક્રમ : તા. ૨૮–૧–'૮૩ થી ૨૯–૧–'૮૩ સુધી**
**પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ : તા. ૩૦–૧–'૮૩**
**સ્થળ : મગનભાઈ તળજાભાઈ પટેલ (વડોદવાળા)**
**પાયોનીયર હાઈસ્કૂલ પાસે, પટેલ કોલોની, બ્લોક નં. ૪, આણંદ □ ટેલીફોન ૧૫૭૬**


**Manufacturer of**

# ELECTRICAL ACCESSORIES
# STANDARAD ELECTRICAL PRODUCTS

Sadhana Industrial Estate, S. V. Road, Oshiwada Bridge,
Jogeshwari ( West ), Bombay – 400 102

Gram : Seproswich, Bombay 400102 Phone : 573220

## ૪ : ગુરુની પ્રેરણા

### એમના સમગ્ર વ્યક્તિત્વમાંથી સ્રવતી સૌમ્ય વિમલ આભાનાં દર્શન કરી જીવતર પંડની ધન્યતાનો અનુભવ કરતું !

હવે અમારી વ્યગ્રતામાં કંઈક ઓટ આવી હતી. ઉપાસનામાં વેગ આવ્યો હતો. મંત્રજપ દરમ્યાન કોઈક નૂતન બળનો અમારામાં સંચાર થતો હતો. આનન્દ, ઉત્સાહ ને ઉમંગની અનુભૂતિ થતી હતી. વાતાવરણમાં ક્રમશઃ આહ્‌લાદકતા ને મધુરતા છવાતી જતી હતી. શરદઋતુના જેવું ચિદાકાશ પણ સ્વચ્છ ને નિરભ્ર બનતું જતું હતું.

આ બધો જ યશ તો પૂ. શાસ્ત્રીજીને ફાળે જ જાય છે. શાસ્ત્રીજી એટલે શાસ્ત્રીજી. એમની અપાર અનુકંપા ને આશીર્વાદની કેવી અભિવ્યક્તિ કરવી તે જ સમજાતું નથી. શબ્દનું માધ્યમ પણ એને માટે ઠાલું નીવડે છે. શાસ્ત્રીજી તો વિરલ ઉપાસક છે. વિરલ વ્યક્તિ છે. જેમ કોઈ પુણ્યસલીલા સરિતાના પ્રવાહનો વેગ કયારેક બેઉ કાંઠાને ય છલકાવીને પાવન અને આર્દ્ર કરી મૂકે એમ એમના વાત્સલ્યના સદાસર્વદા વહેતા રહેતા પ્રવાહમાં મન એવું તો છલકાઈ ઊઠે છે કે જાણે આપણને એમ જ થાય કે આપણે કોઈક વેગવાન પ્રવાહમાં ભાવાર્દ્ર બની રહ્યા છીએ. એમના સાન્નિધ્યનો સુભગ આસ્વાદ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણે એની મધુરપ! એવું વિરલ ને વિલક્ષણ એમનું વ્યક્તિત્વ છે!

અમારી ઉપાસના દરમ્યાન થોડા થોડા દિવસે પૂ. શાસ્ત્રીજીના દર્શનાર્થે અમે જતાં. કારણ કે એમની સમીપ જવાથી અમારી ઉપાસનાશક્તિને વેગ મળતો. અમને પ્રેરણા મળતી. એમના સાન્નિધ્યથી અમારી ઉપાસના કોઈક નવોન્મેષનું સર્જન કરવા પામતી. એમનાં આશીર્વચનથી અમારામાં ઉત્સાહ ને શક્તિ ઉદ્‌ભવ પામતાં. અમ દંપતીમાં મંત્રજપ કરવાની એક અનોખી ભાવાત્મકતા પેદા થતી.

શાસ્ત્રીજી સમીપ જઈને બેસતાં જ હૈયું એક પ્રકારની સભરતાનો અનુભવ કરતું ને અમને અભિપ્રેત વાતચીતનો મુદ્દો જ વિસરાઈ જતો. આનન્દની કોઈ સીમા ન રહેતી. અપૂર્વ અને અદ્વિતીય એવી સંતૃપ્તિ ને પરિપૂર્ણતાના અનુભવને કારણે વાત કરવા માટે શબ્દો જ સૂઝતા નહિ. માંડ માંડ વાતનો પ્રારંભ કરતાં તો સ્પષ્ટ ઉચ્ચાર પણ થતા નહિ. વાત કરતાં કરતાં ખંચકાટ થતો. ક્ષોભ થતો. કયારેક તો જીભ થોથવાતી હોય એમ ત...ત...પ...પ.. પણ થઈ જતું અને આવી મૂંઝવણ-અકળામણને કારણે અમારા મનનું સમાધાન થતું નહિ. આથી અમે જ્યારે જ્યારે પૂ. શાસ્ત્રીજીના દર્શનાર્થે જતા ત્યારે અમે મૂંઝવતા પ્રશ્નોની એક લેખિત યાદી તૈયાર કરીને લઈ જતા. એ લેખિત યાદી અમે શાસ્ત્રીજીના હાથમાં સોંપતા ને એ વિશે અમને માર્ગદર્શન મળતું, સૂચનો મળતાં ને અમારા મનનું સમાધાન થતું. અમને સન્તોષ થતો ને પૂ. શાસ્ત્રીજીના સમયનો પણ વ્યય ન થતો.

પૂ. શાસ્ત્રીજી સ્વભાવે મિતભાષી—બહુ ઓછું બોલે. આધિ—વ્યાધિ—ઉપાધિથી સંતપ્ત કોઈ માનવી એમની સમક્ષ જાય ત્યારે પણ માતાજીનું શરણું ગ્રહણ કરવા ને મંત્રજપ કરવા કહે. બહુ બહુ તો, 'ચિંતા છોડી દો, ગભરાશો નહિ. બધું માતાજી પર છોડી દો, સારું, હું પ્રયત્ન કરીશ.' એવા ગણ્યા-ગાંઠયા શબ્દોથી વિશેષ કશું બોલે નહિ. કયારેક કોઈ વાત અંગે સંમતિ માંગતાં પણ મૌન રહી સંમતિસૂચક એક શુભ સ્મિત વેરે ને આપણે એમની સંમતિ માની લેવાની. દરેકને એઓ પ્રેમપૂર્વક

સસ્મિત આવકાર આપે. એમનાં નેત્રોમાંથી આવનાર પ્રત્યે સર્વદા આશિષની અમીધારા સરતી રહે. પણ એમનું મૌન અને સ્મિત એ એમના વ્યક્તિત્વનાં વિલક્ષણ, આકર્ષક ને દાતા આપનાર લક્ષણો છે. શાસ્ત્રીજીના આવા મિતભાષી સ્વભાવને કારણે અમારા મનનું ઘણી વાર સમાધાન થતું નહિ. પરન્તુ ધીમે ધીમે અનુભવ થતાં અમારી એ મૂંઝવણ ઓછી થતી ગઈ. અસંતોષ દૂર થતો ગયો. કારણ લેખિત બધા જ પ્રશ્નોનું નિરાકરણ થઈ જતું. ઘણીવાર તો અમારી મૂંઝવણો એમની સમક્ષ રજૂ કરતાં પૂર્વે જ અને એમની પાસે જતાં જ પ્રશ્નોનું સમાધાન થઈ જતું. અમે કંઈક કહીએ તે પહેલાં જ એઓ સામેથી અમારા મનની વાતો પોતે જ કહી દેતા ને અમે આશ્ચર્યચકિત થઈ જતા. આ અમારો સ્વાનુભવ છે.

પૂ. શાસ્ત્રીજીની શ્વેત સ્મિત સમન્વિત મુખાકૃતિ ને એમના સમગ્ર વ્યક્તિત્વ ને અસ્તિત્વમાં વિલસી રહેતી સૌમ્ય વિમલ આભાનાં દર્શન કરીને જીવતર પંડની ધન્યતાનો અનુભવ કરતું. એમના શ્વેત સાન્નિધ્યમાં સમયનું ભાન ભુલાઈ જતું. એમનાથી વિખૂટાં પડતાં અકથ્ય ને અસહ્ય વેદના થઈ આવતી. આંખોમાંથી અશ્રુઓ સરી પડતાં. એમની મુલાકાત કે દર્શનથી સાંપડતાં આનન્દ ને સંતૃપ્તિ શબ્દથી તો વેગળા જ રહે છે.

પૂ. શાસ્ત્રીજીને ક્યારેય ક્રોધાન્વિત ભાળ્યા નથી. ચિંતા-નિરાશા-વ્યગ્રતાની એકાદ રેખા ય એમના મુખારવિંદ પર ઢૂંકતી દેખાઈ નથી. એટલું જ નહિ, એમના ચહેરા પર ગાંભીર્યની ઘટા પણ ક્યારેય જોવા નથી મળી. પૂ. શાસ્ત્રીજી તો વિશાળ શ્વેત વટવૃક્ષ છે. એમની વિશાળ છાયામાં સંતપ્ત માનવીને પરમ શીતળતાની અનુભૂતિ થાય છે. એમના શ્વેત-સુખપ્રદ સાન્નિધ્યમાં આ જગત ને જગતની માયા-મમતા-પ્રપંચો ને સાંસારિક વિષયોની આંટીઘૂંટીથી પર બનતું મન નિર્મળતા ને પવિત્રતાનો અનુભવ કરે છે. ક્ષણભંગુર ને નાશવંત સંસારની પ્રતીતિ થાય છે. એમની શીતળ છાયાથી અલિપ્ત થવાની લેશમાત્ર ઇચ્છા થતી નથી. પણ, એમના સાન્નિધ્યના સાતત્યનો અધિકાર આપણને ક્યારે પ્રાપ્ત થાય?

"હે મા ગાયત્રી દેવી, આપનો બાળક આપનાં ચરણોમાં નત-મસ્તકે ભાવપૂર્વક પ્રણામ કરી અંતઃકરણથી પ્રાર્થના કરે છે કે મારા પર એવી કૃપા વરસાવજે કે જેથી મને મારા ગુરુની પ્રેરણા સદા સર્વદા સાંપડતી રહે, મારું જીવન સન્માર્ગે પ્રગતિ કરે.

આપના આશીર્વાદનો અભિલાષી એવો હું, હે ગુરુદેવ, આપને પ્રણામ કરું છું!"

□




મા ગાયત્રીની કૃપા અને
પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહો એવી નમ્ર વિનંતી સહ

**જમનાદાસ નાગરદાસ મોદી**

જનરલ મરચન્ટ

**'ભગવતી'**

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫,
(ડિ. વલસાડ)

# ઉપાસના મનુષ્યજીવનની મુખ્ય જરૂરિયાત છે!

મનુષ્યના સામાન્ય દૈનિક જીવનવ્યવહારમાં અનેક નાની–મોટી ગૂંચવણો–મૂંઝવણો ઉદ્‌ભવતી હોય છે. માનવીના અંગત તેમ જ કૌટુંબિક–સામાજિક–આર્થિક એવા અનેક પ્રશ્નો ઉદ્‌ભવતા હોય છે ને તેના નિવારણ માટે મનુષ્ય પોતાનાથી બનતા બધા જ પ્રયત્નો કરતા હોય છે. એ બહુ સ્વાભાવિક પણ છે. રોજ–બ–રોજના જીવનમાં ઉદ્‌ભવતી નાની–નાની મૂંઝવણો પણ માનવીને ઘણું અકળાવે છે, તેમ જ રોજબરોજના જીવનવ્યવહારમાં ઉદ્‌ભવતી નાની નાની અપેક્ષાઓને સાકાર કરવા માનવીનું હૃદય તત્પર બની જાય છે, નાની નાની અપેક્ષાઓને સાકાર કરવા મનુષ્ય અથાગ પ્રયત્નો કરતો હોય છે. મનુષ્યસ્વભાવ પ્રત્યેક પગલે સુખ, સગવડ, સંતોષ ને સમૃદ્ધિ ઇચ્છે છે. એવા માનસમાં જીવનની નાની નાની અપેક્ષાઓ, વિષમતાઓ તેને અકળાવે છે.

માનવીએ સ્વીકારેલી પોતાના ઇષ્ટની શરણાગતિ અને શ્રદ્ધાના બળે તે જીવનની નાની–મોટી અપેક્ષાઓને સાકાર કરવા ને વિષમતાઓના નિવારણ માટે ઝઝૂમે છે. તેની હૃદયપૂર્વકની શ્રદ્ધા, એ શ્રદ્ધા દ્વારા તેની ઉપાસનાનો દૈનિક ક્રમ તેના જીવનવ્યવહારને સરળ ને સફળ બનાવી તેને જીવન ને ઉપાસનામાં એક ડગ આગળ ભરવા શક્તિમાન બનાવે છે.

જેમ જેમ માનવીની પોતીકી શ્રદ્ધા અને શરણાગતિ માનવજીવનના દૈનિક વ્યવહારો સરળ બનાવે છે તેમ તેમ તે જીવન ને ઉપાસનામાં આગળ ને આગળ વધતો જાય છે. આમ જીવન ને ઉપાસના એકમેકના પૂરક બની રહે છે.

જીવનના દૈનિક વ્યવહારોમાં ઉદ્‌ભવતી અપેક્ષાઓને સાકાર કરવા તેમ જ નાની નાની ગૂંચવણો-ને દૂર કરવા દૈનિક ઉપાસનાનો કેવો આશ્રય લે છે તેનું વર્ણન કરતો એક ઉપાસકનો પત્ર અત્રે પ્રસ્તુત કર્યો છે.

વીસનગરના શ્રી આર. ડી. મકવાણા લખે છે :

"પૂજનીય ગુરુજી શ્રી શાસ્ત્રીજી,

આ સાથે નીચે જણાવવા પ્રમાણેના ગાયત્રી–દૈનિક સાધનાના મારા અનુભવો અને તેનું ફળ લખી મોકલું છું.

મારી નોકરી ૧૯૭૮માં વલસાડ ખાતે હતી. ત્યાંનું હવામાન મને માફક ન આવતાં મને વારંવાર ખાંસી અને કફ થઈ જતો. મેં ડૉકટરો પાસે સારવાર કરાવી હતી, પરન્તુ મને દર્દમાં કોઈ જ રાહત જણાતી નહોતી. છેવટે મારા એક મિત્રે મને ગાયત્રી માતાને શરણે જવાનું કહ્યું અને મેં તેમના જણાવવા મુજબ દરરોજ એક માળા કરવાની શરૂઆત કરી અને મને દર્દમાં રાહત થઈ અને આરામ પણ થઈ ગયો.

ત્યાર પછી મેં વલસાડથી મારી બદલી મારા વતન વીસનગર ખાતે થાય તે માટે દરરોજ ત્રણ માળા કરતો હતો. તેથી માતાજીની કૃપાથી મારી બદલી જાન્યુઆરી ૭૯માં વીસનગર ખાતે થઈ.

વીસનગરમાં આવ્યા બાદ હું મારાં માતુશ્રી, પિતાશ્રી તથા ભાઈ સાથે રહેતો હતો. ત્યાર બાદ દરરોજ ત્રણ માળા કરતો. મારે એક દીકરી હતી, તેથી મારે ત્યાં દીકરાનો જન્મ થાય તે માટે હું

માતાજીને પ્રાર્થના કરતો. માતાજીએ મારી પ્રાર્થના સાંભળી અને અમારે ત્યાં તા. ૧૧-૧૧-'૭૯ના રોજ દીકરાનો જન્મ થયો. આ અંગે મેં આપને પત્ર લખીને આશિષ માગ્યા હતા. જે આશીર્વાદથી મારી મનોકામના પૂર્ણ થઈ ગઈ. અત્યારે અમારા કુટુંબમાં સુખશાંતિ છે.

દીકરાનો જન્મ થયા બાદ મારી ઇચ્છા વિસનગરથી બદલી કરાવીને કોઈ સારી જગાએ ડેપ્યુટેશન પર જવાની હતી. (જો કે અમારી જગ્યાની બદલી બે કે ત્રણ વર્ષ પછી થયા જ કરે છે.) જેથી હું દરરોજ પાંચ માળા કરતો હતો. અમદાવાદ આપને વિનંતી કરી ગયેલ અને આપે ધીરજ રાખવા જણાવેલ. દરરોજ પાંચ માળા કરવાથી ડેપ્યુટેશન પદ પર મારી બદલીનો ઓર્ડર જામનગર ખાતે આવી ગયો.

લિ૦ આપનો શિષ્ય"

આમ ઉપાસના-ભક્તિ, ઈશ્વરની શ્રદ્ધા ને શરણાગતિ એ મનુષ્યજીવનનો ખોરાક છે, મુખ્ય જરૂરિયાત છે. એને અનિવાર્ય અને આવશ્યક ગણીને મનુષ્ય પોતાના જીવનમાં ઊતારશે તો આ ને આવા અનેક ભૌતિક તેમ જ અલૌકિક અનુભવો થશે.

□


શુભેચ્છા સહિત :

☎ Res. : ૩૬૫૦૫
Fact. : ૩૭૦૦૪

## ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર

# ડોકટર જયંત ફેબ્રીકસ

બેઝબર્ગ જ્યોર્જેટ બનાવનાર

: ફેકટરી :
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધનારોડ

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સુરત-૧

# જેને શરણે જઈએ છીએ, તે ઊગારશે જ, એ નિશ્ચિત છે!

આજે અનેકાનેક કારણોસર અકસ્માતોની અસંખ્ય પરંપરાઓ સર્જાતી રહે છે. મોટર, સ્કૂટર, બસ, ટ્રેન અને વિમાનોના અકસ્માતોના સમાચારો છાશવારે વર્તમાનપત્રોમાં પ્રગટ થતા રહે છે. એમાં કોઈકને હળવી-ગંભીર ઈજાઓ થાય છે, કોઈક હાથ-પગ-આંખ ખોઈ અપંગ બની જાય છે, તો કોઈકના પ્રાણ પણ જાય છે. જાણે મનુષ્યજીવન જ તદ્દન અસલામત બની રહ્યું હોય એવું લાગે છે. ઘરની બહાર નીકળેલ મનુષ્ય પોતાની સલામતી વિશે હંમેશ શંકાશીલ રહેતો જોવા મળે છે. અથવા ઘરની બહાર, કે ગામ કે શહેર બહાર ગયેલા ને પાછા ફરનાર પોતાનાં સગાં-સંબંધીઓ – સ્નેહીજનો માટે પણ માનવી, જ્યાં સુધી પોતાનું સ્વજન હેમખેમ ઘેર પાછું ન ફરે ત્યાં સુધી સતત ચિંતિત રહે છે.

માનવીને જેનામાં શ્રદ્ધા છે, અને એ જેને શરણે ગયો તે પરમતત્ત્વ એનો વાળ પણ વાંકો થવા દેતું નથી. અકસ્માતની આવી બીતિથી મોટા ભાગનાં માણસો બસ-મોટર કે ટ્રેનની મુસાફરી કરતી વેળા પોતપોતાના ઇષ્ટનું સ્મરણ કરીને જ નીકળે છે, અથવા તો રસ્તામાં અવિરત ઇષ્ટનું નામસ્મરણ-જપ ચાલ્યાં કરતાં હોય છે. એના દ્વારા શરણાગતિની સૂક્ષ્મ છતાં સઘન ભાવનાનાં સ્પંદનો માનવીના સમસ્ત અસ્તિત્વને પ્રભુના સ્મરણમાં અને સ્વરૂપમાં લીન બનાવી દે છે અને એમાંથી નિષ્પન્ન થતી પ્રભુ સાથેની તન્મયતા માનવીના જીવનની આસપાસ જાણે એક કવચ–એક બખ્તર–એક ઢાલનું નિર્માણ કરે છે, જે અકસ્માતની કટોકટીની પળોમાં માનવીનું રક્ષણ કરે છે, એમાંથી એને ઉગારે છે.

પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીની મુલાકાત લઈ, દર્શન કરી આશીર્વાદ મેળવીને પાછાં ફરતાં ધ્રાંગધ્રાનાં એક બહેન લખે છે :

"પરમપૂજ્ય ગુરુદેવ,

હું આપની એક દુઃખિયારી શિષ્યા છું, મારું નામ કાન્તાબેન એ. પટેલ. મારા પતિનું નામ એ. પી. પટેલ.

ગુરુજી, આપ તો મા સ્વરૂપ છો. તેથી બધું જ જાણો છો. છતાં મારા હર્ષ ખાતર અહીં એક માની મહાન કૃપાનો પ્રસંગ જણાવું છું, તે સ્વીકારવા કૃપા કરશો.

હું આપને ત્યાં માનું મહાન અમૃતરૂપી જીવનજળ લેવા આવી હતી અને પાછાં ફરતાં અમદાવાદ–ધ્રાંગધ્રાની બસમાં જતાં જીવનમાં પહેલીવાર અકસ્માત જોયો. અકસ્માત આ પ્રમાણે છે કે બસ સ્ટાર્ટ થઈ અને ડ્રાઈવરનાં દર્શન થતાં જ મનમાં થઈ ગયું કે આ બસ ધ્રાંગધ્રા સુખરૂપ પહોંચાડશે નહિ. અને તરત જ જય ગાયત્રી મા, જય ગુરુદેવ કરીને આપના આદેશ અનુસાર મંત્રરટણ ચાલુ કરી દીધું અને આંખ બંધ કરું તો ઘડીક ગુરુજી, ઘડીક મા, ઘડીક અશુભ ભણકારા, આમ કરતાં કરતાં સુરેન્દ્રનગર ડેપો પાસે પહોંચ્યા. અને અકસ્માત શબ્દ થતાં જ ઝબકી જવાયું. જોયું તો અમારી બસ આગળથી ટેમ્પો વળી ગઈ હતી. હું જે ભાગમાં છેક આગળની સીટના ખૂણા પર બેઠી હતી ત્યાંથી જ ટેમ્પો વળી ગઈ. કાચ તૂટી ગયા. ટેમ્પામાંના બે ભાઈઓના હાથ ખૂબ ઘવાયા, લોહી નીકળવા માંડયું. ટેમ્પામાં આગળથી ધુમાડા નીકળવા માંડયા. તેલના ડબ્બા તૂટી ગયા. ગોળના રવા ઊછળીને નીચે પડયા. આટલું થયું છતાં મને કે અમારી બસના ડ્રાઈવર–કંડકટર કે પેસેન્જર કોઈને કાંઈ જ

તકલીફ થઈ નથી. ફક્ત મને સહેજ ઢીંચણમાં પછાડ લાગી છે તે પણ બિલકુલ નહિવત્ છે. આ રીતે અમારા બધાનો ભયંકર અકસ્માતમાંથી અદ્‌ભુત રીતે બચાવ થયો છે, તે માની કૃપાથી જ. બધાં ભાઈ-બહેનોને માની શ્રદ્ધાનું અને કૃપાનું ભાન કરાવી આનંદ કરતાં કરતાં બીજી બસ દ્વારા ધ્રાંગધ્રા પહોંચી ગયાં.

માનું અમૃતપાન માની કૃપાથી કરી રહી છું.

હજી તો પા પા પગલી યે નથી માંડી (આધ્યાત્મિક માર્ગમાં) ત્યાં તો માની કૃપાનો આવો અનુભવ થતાં મારો સારો એવો હૃદયપલટો થઈ ગયો છે. મારી ઘણી ભૂલો બદલ માની ક્ષમા માગું છું. પૂ. ગુરુજી, તમારાં જેવા મહાન સન્તોનાં દર્શનથી તો અમારા જેવા પાપી, પામર મનુષ્યો પાવન થાય છે. અને મને પણ મા પાવન કરશે જ તેવી મારી શ્રધ્ધામાં ઉત્તરોત્તર આપના આશિષથી વધારો થાય એ જ પ્રાર્થના.

મેં આપને હૃદયથી મારા ગુરુજી માની લીધા છે. મારા હૃદયની આ ભાવના સ્વીકારશો.

આ પ્રસંગના વાચનથી દરેક ભાઈ-બહેનો મુસાફરીના સમયમાં ઇષ્ટદેવનું કે માનું રટણ કરશે તેવી મારી આશા છે.

આપનાં ચરણોમાં હજારો વન્દન કરતાં આપના આશિષ ઈચ્છતી આપની શિષ્યા કાન્તાના હજારો પ્રણામ."

પરમાત્મા પરમકૃપાળુ કહેવાય છે તે આનું નામ. ધોમધીખતી ધરા પર વર્ષાનું પ્રથમ આગમન થતાં જ સમગ્ર વાતાવરણમાં હળવાશ-ભીનાશ પ્રસરી જાય છે, ધરતીમાંથી માટીની સુવાસ મહેકી ઊઠે છે અને એ સુવાસથી, એ હળવાશ અને ભીનાશથી જે આહ્‌લાદકતાનો-શાંતિનો-સ્વસ્થતાનો અનુભવ થાય છે, તેમ જીવનના વિવિધ તાપથી તપતા અકળાતા-મૂંઝાતા માનવજીવનમાં ઈશ્વરીય શ્રદ્ધાનો પ્રથમ આવિર્ભાવ થાય છે, ઈશ્વરપ્રેમનો પ્રથમ પ્રાદુર્ભાવ થાય છે, અને શરણાગતિના પ્રથમ સોપાને ઈશ્વરીય કૃપાની, એના અસ્તિત્વની જે સુવાસ અનુભવાય છે તે પ્રથમ વર્ષાની જેમ જ મનુષ્યજીવનને શાંતિનો-શાશ્વત શાંતિનો-હળવાશનો-સ્વસ્થતાનો અનુભવ કરાવે છે. આથી જ પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજી દરેક મનુષ્યને-ઉપાસકને કોઈપણ પ્રકારના વિધિવિધાનમાં અટવાયા વિના, કેવળ શ્રદ્ધા અને શરણાગતિથી ગાયત્રી-મહામંત્રનો જપ કરવાનો આદેશ આપે છે. એની પાછળનું મૂળ રહસ્ય આ જ છે. પરમાત્મા અતિ કૃપાળુ છે-પરમ કૃપાળુ છે. એનામાં શ્રદ્ધા રાખવાથી, એની શરણાગતિ સ્વીકારવાથી મનુષ્ય સર્વ રીતે સુખનો અનુભવ કરે છે.

આમ તો આધ્યાત્મિક માર્ગ ઘણો કપરો છે. પણ જેટલી બને તેટલી વધુ શ્રદ્ધા ને શરણાગતિથી મનુષ્ય એને ગ્રહણ કરી શકે તો એમાં ઘણી પ્રગતિ કરી શકાય છે.

જ્યારે મનુષ્ય ઉપાસના પ્રતિ વળે છે ત્યારે એને આ રીતે કોઈ સિદ્ધપુરુષ-સન્તની-ગુરુની પ્રાપ્તિ થાય છે. એના આશીર્વાદ અને માર્ગદર્શનથી-એમના સાન્નિધ્યમાં વારંવાર આવવાથી કે રહેવાથી માનવમનના બધા જ વિકારો શમી જાય છે. પ્રત્યેક વૃત્તિઓ શાંત અને સ્વસ્થ બની જાય છે. જીવનની લૌકિકતામાંથી બહાર નીકળી શાશ્વત-ચિરંજીવ ભણી ડગ માંડે છે અને એમાં સ્થાયી-સ્થિર થાય છે.

□

# કાવ્યપ્રસાદ
## ગુરુ–બાવની

નગાધિરાજ સુતા પ્રિયરાજ,
પ્રથમ નમન ગણપતિ મહારાજ. ॥૧॥

રદવરદ પાશાંકુશ નાથ,
મંગળમૂર્તિ ષડાનન નાથ. ॥૨॥

નમું શારદ તમને હું માત,
કહું અગર મા–બાળની વાત. ॥૩॥

ગ્રહી સદ્‌ગુરુ ચરણરજ આજ,
લઉં નર ઇન્દ્ર શરણ મહારાજ. ॥૪॥

ભારતભૂમિમાં ગૂર્જર દેશ,
પંચમહાલ પ્રતિ અંગુલિનિર્દેશ ॥૫॥

નગર પ્રમુખ ત્યાં ગોધરા ગામ,
વસ્યાં દ્વિજ 'દામોદર' ધામ. ॥૬॥

કુળદેવી વેદની તું માત,
સુત શ્રીગોડ કરે પૂછી વાત. ॥૭॥

જય 'દામોદર' જય મહારાજ,
તર્યાં કુળ ઇકોતેર આજ. ॥૮॥

જય બ્રહ્મર્ષિ જય ગુરુદેવ,
જય નર ઇન્દ્ર ભલા ભૂદેવ. ॥૯॥

સુત દામોદર — બાપુલાલ,
પ્રગટ પછી હરિનો ત્યાં લાલ. ॥૧૦॥

સાત સિતમ્બર બત્રીસ સાલ,
ગોધૂલિસમય પ્રગટ તહીં લાલ. ॥૧૧॥

માતપિતા ઉર હરખ ન માય,
બાળમુખ જયમ જયમ હરખાય. ॥૧૨॥

ધર્યું નામ નરેન્દ્ર હે રાજ,
નામ રૂપ ગુણ અનુરૂપ કાજ. ॥૧૩॥

વધે બાળ શશિ રવિ જેમ તપે,
અંતરમુખ થઈ મા–ગુણ જપે. ॥૧૪॥

જય જનની જય ત્રિભુવન પાળ,
જય ગાયત્રી જય રખવાળ. ॥૧૫॥

જય શાસ્ત્રીજી દીન દયાળ,
દર્શનથી દુઃખ રહે ન લગાર. ॥૧૬॥

'બાપુ' પિતા તણો એક જ બાળ,
આંખ રતન કહી લે સંભાળ. ॥૧૭॥

મિત્ર તણો ઝાઝો પરિવાર,
રહે બાપુ વિણ ના પળવાર. ॥૧૮॥

ફરે મિત્રગણ ચારે ખૂણે,
દેખી દુઃખ મા મંત્ર બહુ ભણે. ॥૧૯॥

શ્વેત વસ્ત્ર નવ ડાઘ જ અડે,
દૂષણ દૂર–દર્શન નવ જડે. ॥૨૦॥

રામ થકી રવિકુળ જેમ તપે,
શાસ્ત્રીજી ! હવે કુળ તેમ તપે. ॥૨૧॥

થયાં વરસ સુતને જ્યાં સાત,
ગ્રહ્યો મંત્ર ગાયત્રી માત. ॥૨૨॥

છે વિદ્યાભ્યાસંગી બાળ,
ગુરુજન લે સૌ તેની (જ) ભાળ. ॥૨૩॥

વિવિધ વેશભૂષા વિષે શોખ,
નિજાનંદમાં રહે છે મોખ. ॥૨૪॥

અધ્યાપન અદકું જેમ થાય,
કિશોર તેજસ્વી વરતાય. ॥૨૫॥

ડાક્તરી વિદ્યા વિષે બહુ કોડ,
વિદ્યાલય પહોંચ્યા કરી દોડ. ॥૨૬॥

[ આધ્યાત્મિક કેડી, જાન્યુઆરી, '૮૩

વિધિ લેખ કદી નવ સમજાય,
આદરેલ અધૂરાં વરતાય. ॥૨૭॥
ઉંબરે આવી વસંત, કિશોર!
ચિંતા કરે પ્રભુતા વિષે શોર. ॥૨૮॥
દીઠું સુશીલ સજ્જન દ્વિજકુળ,
દીધું વચન સગપણ અનુકૂળ. ॥૨૯॥
મન યોગી તન છે સંસાર,
સુમેળ, શાસ્ત્રીજી! સારાસાર. ॥૩૦॥
'કુસુમ' હસ્ત ગ્રહી હરખ્યા લાલ,
ઊગ્યો ભાણુ કુમકુમનો ભાલ. ॥૩૧॥
લગ્નવેલ પાંગરી ત્યાં લાલ,
ધન્ય સંત સંસારી લાલ. ॥૩૨॥
પેન્ટ સુટ બુટ ખૂબ સોહાય,
સરકારી હકૂમત વરતાય. ॥૩૩॥
હુકમ હકૂમતનો લઈ ફરે,
તો ય ઉદર ચણા ખાઈ ભરે. ॥૩૪॥
વફા થકી વારી સરકાર,
ફરજ કાજ છોડયાં ઘરબાર. ॥૩૫॥
શાસ્ત્રીજી શીખવે 'મા' નામ,
જપો મંત્ર સૌ કરતાં કામ. ॥૩૬॥
ઓગણીસો પંચોતેર સાલ,
પ્રગટ થયાં 'મા' લેવા ભાળ. ॥૩૭॥
કહ્યું કસોટી સૌ તું તર્યો,
સંસારસાગરની પાર ઊતર્યો. ॥૩૮॥
મળે માત બાળક બે અહીં,
ભળે સુગંધ સોનાની મહીં. ॥૩૯॥
દીન દુઃખી દેખી દુઃખી થાય,
અરજ માત પ્રતિપળ લઈ જાય. ॥૪૦॥
દીન દુઃખી 'મા' બહુ ટળવળે,
મુજ પાસ સૌ ટોળે વળે. ॥૪૧॥
દયા દાન દો 'હિ કંઈ ફરે,
'પણ' કહી અલ્પવિરામ જ કરે. ॥૪૨॥
અગર જરૂરત છે જો કંઈ,
તથા અસ્તુ કહું છું બસ અહીં. ॥૪૩॥
ઉદર કાજ ચિંતા શું કરે!
કુશળ ક્ષેમ 'મા' હૈયે ધરે. ॥૪૪॥
ભાવવિભોર મૂકી ત્યાં બાળ,
અંતર્ધ્યાન મા લઈ સૌ ભાળ. ॥૪૫॥
બની બાળ જો શરણે જાય,
માત તણી મમતા અતિ થાય. ॥૪૬॥
શ્રદ્ધા શરણુ તેનાં સૌ ફળે,
કહે શાસ્ત્રીજી દુઃખડાં ટળે. ॥૪૭॥
'જીવનજળ' જીવનું આધાર,
દયા સ્રોત વહે અનરાધાર. ॥૪૮॥
શાસ્ત્રીજી કરુણા જો કરે,
તો, મા કારજ સૌ પ્રેમે કરે. ॥૪૯॥
જેમ જોગેશ્વર જપ બહુ જપે,
તેમ 'નીલેષા' તપ બહુ તપે. ॥૫૦॥
કફની પાયજામો ધરી માળ,
કહે સ્મરી માને બની બાળ. ॥૫૧॥
લઈ આશિષ મહામંત્ર જે જપે,
ત્રિવિધ તાપ તે કદી નવ તપે. ॥૫૨॥
વચન પૂર્ણ બાવન અહીં થાય,
શિશ નમી ગુરુચરણ પ્રતિ જાય. ॥

□



પ્રખર ગાયત્રી - ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ જ્ઞાતિ જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫.

સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

□